**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૫૦/—** આજીવન **૫૦૦/—**
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/—**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| જીવો જીવસ્ય જીવનમ્ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| By Maa's grace I could do my Master Degree | Bindiya Bhakta | 11 |
| Living with Maa, is only a true life | Hemali Patel | 16 |
| પૂ.શ્રીની ધ્યાન સાધના શિબિર ભાવનગર—૧૯૭૬ | હરિભાઈ ભોજાણી | ૧૯ |
| દિવ્ય વાણીનું પદ | —તંત્રી | ૨૭ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૩૧ |
| પૂ.શ્રીમાની સંનિધિ—સાગરના હરિરસમાં સ્નાન | ડૉ. બી. જે. જાગાણી | ૩૭ |
| સ્વર્ગારોહણનાં સંભારણાં | નારાયણ હ. જાની | ૪૨ |
| શ્રી માના ચરણકમળમાં | દક્ષેશ કોન્ટ્રાક્ટર | ૫૦ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૫૧ |
| ઈશ્વર તો છે જ | ડૉ. મહિપતરામ દવે | ૫૫ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## અભિનંદનીય આવકાર્ય સહાય

**શ્રી નિવેદિતાબેન તથા ધનસુખભાઈ ભક્તના ઘરમંદિરે આવતા ભાવિક ભક્તો શ્રી ગુરુચરણે નાની મોટી શ્રી લક્ષ્મી અર્પણ કરતા રહે છે.**

**તે લક્ષ્મીનો ઉપયોગ અધ્યાત્મના આ અંકના પ્રકાશન ખર્ચ માટે થઈ રહ્યો છે.**

**સોહમ્ તથા દયાનો પણ એ ખર્ચમાં સહયોગ છે. તે બદલ સહુનો આભાર અને અભિનંદન**

—મા સર્વેશ્વરી



# જીવો જીવસ્ય જીવનમ્

**શ્રીયોગેશ્વરજી**

આપણે ત્યાં પ્રાચીન કાળથી માંડીને અર્વાચીન કાળપર્યંત પરંપરાગત રીતે પેલી પંક્તિ કે ઉક્તિ ચાલી આવે છે. એનું સ્મરણ, રટણ કે પારાયણ પણ વારંવાર થયા કરે છે. એ પંક્તિ કે ઉક્તિ છે જીવો જીવસ્ય જીવનમ્. એનો સામાન્ય ઉપલક અર્થ એવો થાય છે કે જીવ બીજા જીવનો ખોરાક છે. એક જીવ જીવના આધારે જ ટકે છે. મોટા જીવો નાના જીવોનું ભક્ષણ કરી જાય છે. સાપ દેડકાંને, મગરમચ્છ માછલાંને, વાઘસિંહ સસલાંને, તથા હરણને, અને એવી રીતે બળવાન પ્રાણીઓ એમનાથી ઓછા બળવાનને અથવા નિર્બળને મારી નાખે છે અથવા એમનો આહાર બનાવે છે. સમસ્ત સૃષ્ટિચક્ર એવી રીતે પારસ્પરિક હિંસાના આધાર પર જ ચાલી રહ્યું છે. એવી રીતે પારસ્પરિક હિંસાના આધાર બનાવે છે. એવી હિંસા જીવનના ધારણપોષણને માટે અનિવાર્ય અને નૈસર્ગિક છે. માનવ પણ એ નિયમમાં મુક્ત નથી. એ પણ માંસાહાર કરે છે. અને ના કરતો હોય તો પણ અનાજ, ઔષધિ, દૂધ, ફળ પાણીનું સેવન કરે છે. તે પણ જીવત્વથી મુક્ત નથી. પ્રત્યેક પદાર્થમાં દૃષ્ટ અથવા અદૃષ્ટ, સ્થૂળ કે સૂક્ષ્માતિસૂક્ષ્મરૂપે જીવતત્વ હોય જ છે. આપણી આજુબાજુની ને આપણે જે લઈએ છીએ તે હવામાં પણ જીવતત્વ વિદ્યમાન હોવાથી, આપણું સમગ્ર જીવન પણ, આદિથી માંડીને અંત સુધી જીવોના આધારે જ ચાલતું હોય છે. જીવનનો પાયો હિંસા જ છે.

એ વાતને યથાર્થ માનીએ તો પણ એટલી હકીકત તો નિર્વિવાદ છે કે હિંસા બે પ્રકારની છે. એક પ્રકારની હિંસા

જીવનના ધારણ પોષણને માટે ના છૂટકે થનારી, અજ્ઞાત રીતે થનારી, અનિવાર્ય હિંસા છે. એમાં પવન પાણી દૂધ, ફળ, ઔષધિ અને અન્નના ઉપયોગનો સમાવેશ થઈ જાય છે. જીવનને ટકાવી રાખવા માટે એની આવશ્યકતા હોય છે. એથી એ હિંસા હિંસા હોય તો પણ એનો અન્ય વિકલ્પ ના હોવાથી ધર્મસંમત હિંસા કહેવાય છે. પરંતુ એથી ઉલટું, જે હિંસા શોખ, ટેવ કે વ્યસનને ખાતર કરવામાં આવે છે, જેની જીવનના ધારણ પોષણ માટે અનિવાર્ય આવશ્યકતા નથી હોતી, તેને ધર્મ વિરોધ, અધર્મયુક્ત હિંસા તરીકે ઓળખવામાં આવે છે. એ હિંસા વર્જ્ય મનાવી જોઈએ. એનો કોઈએ કારણસર કદી પણ પુરસ્કાર ના કરી શકાય. એને આદર્શ, અનુકરણીય, અભિનંદનીય ના મનાય. માનવને માટે ધારણપોષણ માટે દૂધ, ફળ, અન્નની વૈકલ્પિક નૈસર્ગિક વ્યવસ્થા હોવાથી માંસાહાર અથવા અન્ય પ્રાણીઓનો પોતાને માટેનો સંહાર અયોગ્ય, અનૈસર્ગિક કહેવાય. અને એનું કોઈએ સંજોગોમાં સમર્થન ના કરી શકાય. જીવો જીવોના આધારે ટકતા હોય તો પણ એટલા જ કારણથી એક જીવને બીજા જીવને હણવાનો હક નથી મળી જતો. એવી પરિસ્થિતિ વિધિની વિચિત્રતા કે કરૂણતા છે. અભિનંદનીય, અનુકરણીય કે ઉત્સાહવર્ધક નથી. સુશિક્ષિત, સુસંસ્કૃત, સુધારાના સર્વોચ્ચ શિખર પર પહોંચ્યા હોવાનો દાવો કરનારા માનવને માટે આશીર્વાદરૂપ નથી પરંતુ અભિશાપરૂપ છે. ભૂષણ નથી પરંતુ દૂષણ છે, ગૌરવવર્ધક નથી પરંતુ ગૌરવનાશક કે શરમજનક છે.

એક બીજી વાત. અત્યાર સુધી '' જીવો જીવસ્ય જીવનમ્ '' એ વાક્યનો પરંપરાગત પ્રચલિત રૂઢ અર્થ થતો રહ્યો છે. તેમાં એક નિર્બળ જીવ બીજા બળવાન જીવનો આહાર બને છે.



અથવા ભક્ષ્ય છે એવો ભાવાર્થ અભિપ્રેત છે. પરંતુ એ પરંપરાગત પ્રાચીન વાક્યને એક બીજા સારા સંદર્ભમાં પણ સમજી શકાય છે. એ સંદર્ભ નૂતન હોવા છતાં પણ પ્રાણવાન, પૂરક અને સમજવા જેવો છે. એનો સીધો સાદો સરળ સારસંદેશ એટલો જ કે જગતમાં એક જીવ બીજા જીવનું જીવન બને છે, બીજાને પ્રેરણા, હૂંફ, પ્રકાશ, સુખ શાંતિ તથા શક્તિ ધરે છે. પ્રેમ પ્રદાન કરે છે. અને અન્યને માટે આલંબનરુપ થઈ પડે છે. વલ્લરી વૃક્ષનો આધાર લઈને આગળ વધે છે. છાયા વૃક્ષનો. ધરતી ચંદ્રનો ને ચંદ્ર સૂર્યનો સાથ સહયોગ પ્રાપ્ત કરે છે. બીજમાંથી વૃક્ષ ને વૃક્ષમાંથી બીજ. પશુ, પંખી ને વનસ્પતિ પણ સ્નેહના સ્વર્ગીય મૂક સુધાસભર સંવેદનને અનુભવે છે. માતાપિતા, પુત્રપુત્રી, પતિપત્ની, મિત્રો પારસ્પારિક પ્રેમથી પોષણ પામે છે. એક બીજાને માટે આહૂતિ ધરે છે. એક આત્માનું સાન્નિધ્ય, સ્નેહસંવેદન, માર્ગદર્શન, સમર્પણ બીજાની જીવનવાડીને લીલીછમ, સૌરભવંતી, સમૃદ્ધિ, સુશોભિત કરે છે. એક આત્મા બીજાને માટે જીવન બને છે. બીજાને ચેતન ધરે છે. માનવે આ વાતને સારી રીતે સમજી લઈને પોતાના જીવનદ્વારા વ્યક્તિગત તથા સમષ્ટિગત રીતે, બીજાના જીવનને જ્યોતિર્મય કરવા સુખ શાંતિ સમુન્નતિથી સંપન્ન બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. અન્યને માટે આલંબન આધાર બનવું જોઈએ. એક જીવે બીજા જીવના જીવન બનવા, બીજા જીવના જીવનને સુસમૃદ્ધ કરવા બનતું બધું જ કરી છૂટવું જોઈએ.

પેલા પરંપરાથી પ્રચલિત વાક્યને એવી રીતે વિચારવાથી નૂતન પ્રેરણા કે અદ્યતન પ્રકાશની પ્રાપ્તિ થશે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૨ મે—૨૦૧૦ અંક ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

સવારે પૂ.શ્રી નિયમિત રીતે સ્નાન વ્યાયામ કરી લેખનકાર્ય માટે ૮ વાગ્યે બેસી જાય છે. માળા રાતે પૂરી કરે છે. બાકી હોય તે લેખન બાદ કરે છે.

સાડા અગિયાર વાગ્યે પૂ.શ્રી યજમાન પત્ની શ્રી કુન્દનબેનની માગણીના જવાબરૂપે મંત્ર આપે છે. તેમને નવરાત્રિ દરમ્યાન માતાનો જપ જપવાની ઈચ્છા છે. પૂ.શ્રીએ કહ્યું, ''તમારે માટે શ્રી કૃષ્ણ ભગવાનનો જ મંત્ર યોગ્ય છે.''

ત્યારબાદ ભોજન લેવાનું બને છે. આજે ખીચડી, કઢી, શાક ભોજનમાં લીધાં. ભોજન બાદ પ્રાર્થનાની પુસ્તિકા માટે થોડું લખાણ તૈયાર કરાવ્યું. થોડો આરામ કર્યો.

સાંજે મુલાકાત શરૂ થઈ. ગીતાપાઠ થયો. ભજનો થયાં પછી પ્રશ્નોત્તરી શરૂ, તે પહેલાં ગોવધબંધી સંમેલન અંગે સર્વોદય



કાર્યકર્તાઓ શ્રી જયન્ત શાસ્ત્રી વગેરે પૂ.શ્રીને મળવા આવે છે, તેમની સાથે પૂ.શ્રી વાત કરતાં કહે છે.

સંમેલન બોલવવા માટે અમારો વિરોધ નથી. નામની જરૂર નથી. ખરું કામ તો તે અંગે નક્કર કાર્ય કરવાનું છે.

હું વ્યક્તિગત રીતે અંગત જીવનમાં ચામડાના ચંપલ પહેરતો નથી. વળી મારા બિસ્તર માટેની વસ્તુ પણ ચામડા વિનાની હોય છે. ઘણાં મૃગચર્મ મને ભેટ આપે છે, હું પાછું આપું છું. એ પણ કોઈક હરણાની હિંસામાંથી જ તૈયાર થયું છે. તો ઘણાં દલીલ કરે એમાં ઘણી શક્તિ ને કરન્ટ વધારે હોય છે તો હું કહું છું. સૌથી વધારે આત્માનો કરન્ટ હોય છે. આત્માની શક્તિ વધારે છે.

મસુરીમાં એક પંડિતે પોતાની દુકાનના ઉદ્‌ઘાટન માટે મને આમંત્રણ આપ્યું મેં પૂછ્યું. શાની દુકાન છે? ઈંડાની તો પછી મારાથી ના આવી શકાય.

તે જ પંડિત દિલ્હીમાં નેતાઓની સત્તા ટકાવવા નવચંડી માટે પણ જાય છે.

આ સાંભળીને શ્રોતાઓએ પ્રશ્ન કર્યો

પ્રશ્નઃ—સત્તા ટકાવવા થનારા યજ્ઞો ફળી શકે ખરા?

પૂ.શ્રીઃ—જુઓને રાવણનો યજ્ઞ મલિન હતો, પણ તે સફળ ક્યાં થયો હતો? એ રીતે ઈન્દ્રજીતનો યજ્ઞ પણ ક્યાં નાનો હતો. કર્મ ફળ તો કામ કરે જ ને!

પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલાં વિદેશયાત્રાની નોંધ પૂ.શ્રીની સૂચનાથી વાંચી સંભળાવી. ત્યાં તો સ્વામી ગીતાનંદ પૂ.શ્રીને મળવા આવ્યા. તેમને ખુરશી આપવામાં આવી. પૂ.શ્રીએ તેમની સાથે વાતો કરી.

શ્રોતાઓ પૈકી એક ભાઈએ સ્વામીજીનો પરિચય કરાવવા વિનંતિ કરી, જેથી સ્વામીજી ગીતાનંદજીએ પોતે જ પોતાનો પરિચય આપતાં કહ્યું:—અમે ૧૯૪૫થી લંડનમાં રહ્યા. ત્રણેક વરસથી અમે ભારતમાં આવ્યા છીએ. ગીતાના પ્રચારકાર્ય માટે હવે તો જીવન ખપી જાય, એ જ ઈચ્છા છે.

પછી પૂ.શ્રીએ સર્વેશ્વરીનો પરિચય તેમને આપ્યો. અને થોડી વાતો કરી. પછી બે ભજનો ગવડાવ્યાં.

ત્યારબાદ એકાદબે પ્રશ્નો પૂછાયા. પછી શાંતિપાઠ બાદ સૌ પ્રણામ કરી વિદાય થયા.

હળવો નાસ્તો લઈ આરામ કર્યો.

**તા.૨૭/૨/૮૨ શનિવાર ફાગણસુદ ચોથ**

આજે સુરત જવા વિદાય થવાનું છે. સમયસર બધું જ કામ થાય છે. વ્યાયામ, લેખન, મુલાકાત બધુ જ નિયમિત.

આજે યોગેશ્વર સત્સંગ મંડળના કાર્યકર્તાઓ સાથે થોડી વાતો કરી. દર્શનાર્થીઓ નીચે મોટીસંખ્યામાં બેઠા હતા. તેમને ઉપર દર્શન માટે આવવાની સૂચના મળી જેથી સૌ ઉપર આવીને પ્રણામ કરી બેસે છે.

થોડી સામાન્ય વાતો થાય છે. સૌ વિદાય થાય છે. પૂ.શ્રી આરામ કરે છે. આજે ભોજનમાં પૂ.શ્રી ખીચડી શાક લે છે.

ચાર વાગ્યે પૂ.શ્રી સુરત જવા નીચે ઉતરે છે. ત્યારે યજમાન પરિવારનો નીચેનો આખોયે ઓરડો ભરાઈ ગયો હતો.

પૂ.શ્રીએ અચાનક જ સર્વેશ્વરી વિષે પ્રશંસાત્મક વાતો કરી. સર્વેશ્વરીએ બે ભજનો ગવડાવ્યાં. પૂ.શ્રીએ પણ એક ભજન ગવડાવી, સૌએ ફરી પ્રણામ કર્યા. સૌને પૂ.શ્રીએ એક એક ગુલાબનું ફૂલ પ્રસાદીમાં આપ્યું. સૌની વિદાય લઈ સાંજે ૫ વાગ્યે વડોદરાથી નીકળવાનું બન્યું.



પૂ.શ્રીની માંદગી પછી પ્રથમ પરિચય જીતુભાઈ ગાંધીનો થયો. એમની શ્રદ્ધા, પ્રેમભાવ પૂ.શ્રી ઉપર દિનપ્રતિદિન વધતો જ ગયો. અને છેલ્લા ત્રણ વરસથી તેઓ પોતાની ગાડીમાં જ પૂ.શ્રીને ગુજરાતમાં જ્યાં પણ જવાનું હોય ત્યાં લઈ જાય ને લાવે. આજે પણ એમની જ મોટરમાં એમની સાથેજ સુરત આવવાનું બન્યું. પૂ.શ્રી દરેક વખતે ટ્રેઈનમાં કે બસમાં જઈશું એવો આગ્રહ રાખે, પણ પૂ.શ્રીને શ્રી જીતુભાઈ હંમેશાં આગ્રહ કરીને ના જ કહે, અને પોતાની મોટર શું કામની છે, એમ જણાવે.

માર્ગમાં શ્રી જીતુભાઈની સાથે શ્રી વિજયભાઈ રાણા પણ હતા. ખાસ કોઈ નોંધને યોગ્ય વાતો ન થઈ.

આઠ વાગ્યે તો સુરત શહેરમાં પ્રવેશ થઈ ગયો. ૮:૩૦ મિનિટે ઉતારા ઉપર આવી ગયા.

સુરતમાં શ્રી ભટ્ટ સાહેબ વર્ષોથી ધ્યાનકેન્દ્ર ચલાવે છે. તેમની નિયમિત ને પ્રેરક સેવા નોંધપાત્ર છે. આ વરસે અહીં બીજાં ત્રણ કેન્દ્રો ચાલુ થયાં છે. આજે ઉતારા ઉપર નવા ધ્યાનકેન્દ્રનાં ભાઈબેનોની સંખ્યા અધિક હતી.

સૌએ પ્રણામ કરીને પુષ્પહારથી સ્વાગત કર્યું. થોડી વાતો થઈ ને સૌ વિદાય થયા.

પૂ.શ્રીએ દૂધ લીધું પછી આરામ કર્યો.

(ક્રમશઃ)

# By Maa's grace I could do my Master Degree

**Bindiya Bhakta, Anaheim, CA**

I have had the chance to receive Maa's blessings since I was a young child. However, my soul did not come to realize how amazing and great Maa truly is until a few year ago. As a child, it was my dream to volunteer in a medical camp outside of America. When I was in fifth grade, I remember knowing that my pipe dream was to help in need in a third world country. Sadly, many people had attempted to devalued and shut down the aspiration I had by laughing and joking about my dream. Many years had passed, and I believe I was 21 years old when to my surprise, found out that Maa was hosting a polio camp in India at Swargarohan. With Maa's blessings I was able to attend this camp, as well as two other medical camps which were hosted by my father's friend. It was this simple trip I made to India with my family that not only fulfilled my childhood dream but more impor-



tantly, began my journey to spirituality.

I have no words that can truly explain how amazing my experience of being with Maa in Swargarohan was like. Till this day, I know that being in that specific environment gave me such a high level of peace and joy that I know I could never receive anywhere else on earth. The uniquely peaceful atmosphere in Swargarohan allowed my soul to feel true bliss. The serenity that was felt when I was there has truly been imprinted in my life and has helped me in many ways. when I find my self in a stressful or difficult situation here in America, I can close my eyes and automatically imagine myself in the Kutiya in Swargarohan. Somehow with the grace of Maa and Prabu, all of my worries go away for that moment in time, and I know that the tranquility I had felt in Swargarohan transfers over to my life here in America. When asked what my most favorite memory with Maa is, I can honestly respond by saying that being in Swargarohan was.

Maa's grace and love is so powerful that she is able to reach out to everyone. Even though Maa is so busy with doing many spiritually rel-

evant things, somehow she always finds a way to connect to each and every devotee that she has on an individual level. Over the years I have seen how selflessly Maa does things for others. I see how much love she offers others and how easy it is for her to care about someone in need. It is because of Maa that I am motivated to good things in my life. It is Maa who inspires me to be able to help others just as she does. Maa has many, many great qualities that she possesses. Her presence is so powerful, her actions are so pure, she gives and gives without wanting anything in return and this is why I pray that I could be blessed to gain even a fraction of her traits so that I can help those in need as well.

As I mentioned earlier, Maa has helped so many people on an individual level. On a personal level, Maa is the one who has supported me throughout my college years. About three years ago, I was confused on whether or not I should or would be able to complete a Master's program for occupational therapy. I was asking all of my friends and family whether I should apply for the program or not. Uniquely, during this



time of struggle, Maa came to LA and I ended up going to a satsung at Bhagvanjimama's house. On this specific day, I had the opportunity to speak with maa, in which she surprisingly asked me if I was going to get my Master's degree or not. I was so shocked that she would ask me this question as soon as I saw her because I had never spoken to Maa of my contemplations about getting a graduate degree. I was so amazed that she knew that I was questioning my self and that I was in need of guidence in my life. I felt blessed when she gave me her advice which was "get your Master's degree". She also stated that it would be something that would help me in the long run and that it would make happy later in life. I had faith in Maa, so I took her advice and I ran with it, never looking back. Ever since that day, I had utmost faith that the reason she told me to do this was for my own good and I knew at the bottom of my heart that she would help me complete the degree. I just finished my didactic portion of my master's program and now I am heading off to fieldwork. I know that Maa has been with me every step of the way through my program. I also know that I

would not have been able to do so well in my program without her blessing and her support she has given me so much strength and courage and I thank her for everything that she has done for me, I pray that always stay with me and continue to bless me. Thank you Maa.

### ★ સ્વર્ગ અને સ્વર્ગારોહણ ★

સકામ યજ્ઞોના પરિણામે યજ્ઞ કરનારને મૃત્યુ પછી ઈન્દ્રલોકનું સ્વર્ગ મળે છે. આ સ્વર્ગ એટલે એવો પ્રદેશ, જ્યાં કોઈપણ પુરુષાર્થ કર્યા વિના ઈચ્છા પ્રમાણેના સર્વ ભોગો પ્રાપ્ત થાય છે. આ સ્વર્ગના પુણ્યો જાણે બેંકમાં મૂકેલી થાપણ જેમ જેમ વાપરતાં જાઓ એમ એમ ઓછી થતી જાય અને એક દિવસ પુણ્ય પૂરું થતાં, ફરી પાછા મૃત્યુલોકમાં આવવું પડે. આમ એ કેવળ ઈન્દ્રિયોના સુખોપભોગની દુનિયા એમાં ના હોય શાંતિ, સંતોષ કે ના હોય મુક્તિનો આનંદ. **क्षिणे पुण्ये मर्त्यलोकम् विशन्ति ।**

જ્યારે સ્વર્ગારોહણ એટલે તો પ્રભુ તરફના આરોહણનું સ્થાન. જીવનને જીવતાં જ મુક્તિનો આનંદ, સુખ અને શાંતિનો અનુભવ કરાવતો પ્રદેશ. એક જીવંત સાચા સંતના સાંનિધ્યમાં મૃત્યુ પહેલાં જ મુક્તિનો આનંદ માણવાનું સ્થળ. એ જ આ સ્વર્ગારોહણ અને અહીં જ પૂજ્ય મા સર્વેશ્વરીનું સાંનિધ્ય એટલે મુક્તિની મહેફીલ.

(પ્રવચનમાંથી)



# Living with Maa, is only a true life.

**Hemali Patel**

"The Thoughts Maa Has Filled Me: Forever Thankful, Forever Guiding, & Forever With Me"

Jai Krupalu Maa.

It's pretty simple. I love being with Maa, and I love Swargarohan. When I'm back in America, Swargarohan is the first place I want to be when I have free time.

The first time I came to Swargarohan was back in December 2005. I had heard about various camps and activities that take place in Swargarohan from Jagukaka and Nainaauntie (Ozona), but hearing didn't seem to be enough for me. Maa awakened a desire inside of me to come experience Swargarohan with my own eyes, and I'm truly glad I did.

Now every December my plans are already set. As soon as my exams are over, the next day I'm ready to fly to India and come straight to Swargarohan. I know this is only possible

because of Pujya Maa Prabhu; but, knowing this doesn’t seem to be enough either...

A few thoughts come to mind.

“How can I thank Maa for everything she has done?”

“Maa, you taught me to love Swargarohan.”

“You made Swargarohan my home, my comfort, and peace of mine.”

“You filled me with the desire to go from America straight to Swargarohan and leave straight from Swargarohan to America.”

Maa, only you, could do this.

I may truly never be able to thank for all that you do Maa, but knowing that you accept each pranam, each prayer, each thought, each feeling, each anything as a thank you–gives the soul within a sense of peace and satisfaction. As the number of meeting between Maa and I increase, I have come to the conclusion that the amount of time with her is not significant if the amount of time or duration of my life I live isn’t filled with positive thoughts and actions as well as living a life that portrays Maa’s fundamental teachings. And so, Maa, I pray to you that I live



a life that makes you proud of me, that makes you proud to call me your daughter, and that makes you think of me tenfold. May you always be with me and may you be forever guiding me–as you have been.

Jai Krupalu Maa. Forever doing pranam at your lotus feet, Maa.

(hemaliben.patel@gmail.com)

### ★ દંભી ગુરુ ★

પોતાને નવ જાણે લેશ, દેવા બેઠા તે ઉપદેશ;
મૂંડન કર્યું કે લાંબા કેશ, નિતનવા કંઈ કાઢે વેશ.

પોતાને જે કહે અવતાર, લાગે ન ક્યાંય એનો તાર;
ચમત્કારનો ના કંઈ પાર, શાણા જન એ કરો વિચાર.

કરતાં ફરે સૌનું કલ્યાણ, પોતાને હરિ મળ્યાની હાણ;
મધદરિયે છે જેના વહાણ, તેનો ક્યારે ઊગશે ભાણ.

સાધન કરે ન આવે સાર, લોભી ગુરુનો એ વ્યવહાર;
લાલચુ શિષ્યનો વધે સંસાર, અધવચ ડૂબે પોતાને ભાર.

**દેવેન્દ્ર ભટ્ટ ‘અજ્ઞાત’**

# પૂ.શ્રીની ધ્યાન સાધના શિબિર ભાવનગર—૧૯૭૬

**—હરિભાઇ ભોજાણી**

(પરમ પૂ.આત્મા શ્રી યોગેશ્વરજીએ પોતાના હયાતીકાળ દરમ્યાન દસેક જેટલી સાત સાત દિવસની ધ્યાન સાધના શિબિરો—ગુજરાતના જુદા જુદા શહેરોમાં કરી. આ શિબિરનો કાર્યક્રમ કેવા પ્રકારનો રહેતો તેની જાણ આજના સાધકોને થાય, તે માટે ૩૩ વર્ષ પહેલાં મે, ૧૯૭૬માં ભાવનગર ખાતે જે શિબિર થયેલી—તેની વિગતવાર—સરસ નોંધ મોરબીના સાધક શ્રી હરિભાઇ ભોજાણીએ અમને ઉપલબ્ધ કરી—તેમજ તે આજે પણ સાધકોને ઉપયોગી થાય તેમ હોવાથી આપી છે. આશા છે વાચકોને તેની વિગત પ્રેરણારુપ બનશે.) —તંત્રી

**कृष्णं वंदे जगद्‌गुरुम् ।**

**સાધના શિબિર**

**—શ્રી યોગેશ્વરજી**

મુ.ભાવનગર—૯—૫—૭૬ રવિવારથી ૧૫—૫—૭૬ શનિવાર. શિબિર દરમિયાનની પ્રવૃત્તિઓની વિધિ(રીત)

—બ્રાહ્મ મુહૂર્તમાં શય્યા ત્યાગ કરવો.

—પરોઢિયે ૧ થી ૪ ના સમય દરમિયાન સિદ્ધ પુરુષો અને મહાન સંતો તેમજ યોગીઓ સુક્ષ્મ સ્વરુપે અવકાશ(વાતાવરણ) માં વિચરતા હોય છે. તે સમયે ધ્યાનમાં બેસવું બેવડું લાભદાયક છે.

બ્રાહ્મમુહૂર્તમાં શય્યા ત્યાગ કર્યા બાદ મોઢું ધોઇને તરત



ધ્યાનમાં ૩૦ થી ૪૦ મિનિટ તો જરુર બેસવું.

સવારમાં શૌચાદિ નિત્યક્રમ પૂજા પાઠ કે બીજી દૈનિક વિધિ પતાવીને પછી ધ્યાનમાં બેસવું.

ધ્યાનમાં એકાગ્રતા માટે પ્રથમ યોગમુદ્રા કરવી જેની વિધિ નીચે મુજબ છે.

**યોગમુદ્રાઃ—**કુંડલિની જાગૃતિ માટે, ધ્યાનમાં એકાગ્રતા માટે અને પદ્ધતિસર અને વિધિપૂર્વકના ધ્યાન માટે યોગમુદ્રાનું સ્થાન ધ્યાનમાં બહુ જ મહત્ત્વનું છે. બન્ને હાથને પીઠ પાછળ રાખીને અદબ(પાછળ) વાળીને ટટ્ટાર બેસવું શ્વાસ ભરી લીધા બાદ ધીરે ધીરે શ્વાસ છોડતાં છોડતાં(પદ્માસનમાં બેસીને) મોઢું જમીન સુધી લઇ જવું. નાકને જમીન સુધી અડાડવા પ્રયત્ન કરવો. પ્રયત્ન અને મહાવરાથી નાક જમીનને અડકશે. જમીન પાસે નાક લઇ જઇને શ્વાસ રોકીને ૐ, ૐ બોલતા રહેવું. બને તેટલીવાર શ્વાસ રોકી રાખવો પછી મુખને ઉંચે મૂળ સ્થિતિએ લઇ જવું અને ટટ્ટાર બેસવું. પદ્માસન, સિદ્ધાસન કે સુખાસનમાં બેસીને આંખો બંધ કરીને મનમાં અથવા મોટેથી પાંચ વખત ૐ,ૐ. બોલીને ધ્યાનથી શરુઆત કરવી. ઈષ્ટ દેવનું ધ્યાન કરી શકાય. બે ભ્રમરની મધ્યે આજ્ઞા ચક્રમાં ધ્યાન કેન્દ્રિત કરવું. ત્યાં ઈષ્ટદેવની મૂર્તિને માનસિક રીતે જોવા પ્રયત્ન કરવો. નિરાકાર કે સાકાર ગમે સ્વરુપનું ધ્યાન ધરી શકાય છે અથવા ફક્ત જ્યોતનું પણ ધ્યાન ધરી શકાય છે. ધ્યાન શેનું ધરવું તે મહત્ત્વનું નથી. પરંતુ ભગવાન સાથે જોડાયેલી વસ્તુ કે વ્યક્તિનું કરવું.

★ વહેલી સવારમાં પ્રાણાયામ કરવો ઘણો જ લાભદાયી છે પ્રાણાયામથી ફેફસાને ઘણી જ સારી કસરત મળે છે. લોહીનું પરિભ્રમણ સારું અને વ્યવસ્થિત થાય છે. પ્રાણાયામની પદ્ધતિ

નીચે મુજબ છે :—

**પ્રાણાયામઃ—** સવારમાં આસન લગાવીને બેસવું અને જમણા હાથે અંગુઠાથી જમણુનાક દાબીને ડાબુનાક ખુલ્લું રાખવું. ડાબા નાકથી શ્વાસ લેવો અને શ્વાસ લેતા લેતા ચાર વખત ૐ, ૐ, બોલવું. પછી છેલ્લી બે આંગળીઓથી ડાબુનાક બંધ કરી શ્વાસ રોકવો. સોળ વખત ૐ, ૐ બોલવું અને પછી જમણુનાક ખોલીને આઠ વખત ૐ, ૐ બોલવું(આ અડધો પ્રાણાયામ પૂરો થયો) પછી તેજ ડાબા નાકથી ચાર વખત ૐ, બોલીને શ્વાસ લેવો અને ડાબુનાક બંધ કરીને શ્વાસ રોકવો અને ૧૬ વખત ૐ બોલવું ત્યારબાદ જમણુનાક ખોલીને આઠ વખત ૐ બોલી શ્વાસ બહાર કાઢવો. આમ એક પ્રાણાયામ પૂરો થાય છે. આ રીતે દરરોજ પાંચ પ્રાણાયામ કરી શકાય. વધારીને દસ સુધી લઈ જવાય. પછી શ્વાસ રોકવાનો સમય વધારવો. પ્રાણાયામની સંખ્યા નહિ. હૃદય રોગ, ફેફસા કે દમના દર્દીને પ્રાણાયામ ન કરવા.

★ ધ્યાનમાં એકાગ્રતા માટે ષણ્મુખી મુદ્રા બહુ જ ઉપયોગી છે. બે હાથની આંગળીઓથી આ મુદ્રા થાય છે. આનાથી છ મુખ બંધ થાય છે એટલે કે બે કાન, બે નાક અને બે આંખ એમ છ મુખ બંધ થાય છે માટે ષણ્મુખી મુદ્રા કહેવાય છે. બે હાથના અંગુઠાઓથી બે કાન દબાવવા પછી તર્જની અને જયેષ્ઠા આંગળીથી બે આંખો દબાવવી અનામિકા અને કનિષ્ઠા(ટચલી) આંગળીઓથી બે નાક દબાવાય, આથી થોડી વારમાં એકાગ્રતા આવે છે.

★ ધ્યાનમાં બધેયથી મનને ઉઠાવીને અંદર રહેલ પરમાત્મા સાથે જોડવાનું હોય છે. ગરુ ફક્ત વાયરમેનની જેમ માર્ગદર્શક



જ બને છે. જેમ વાયરમેન રીપેર કરે છે તેમ તે કહે કે આમ બેસો આમ કરો તો મન સ્થિર થશે—ધીમે ધીમે એકાગ્રતા આવી જશે—મહાવરો રાખવો. રોજ બેસવાથી કંટાળો ઓછો થશે. ટેવ પડી જશે પ્રથમ સિધ્ધાસન કે પદ્માસન ન અનુકુળ આવે તો સુખાસન ચાલે.

માછીમાર જે રીતે પાણીમાં જાળ નાખીને રાહ જુએ છે તેમ ધ્યાનમાં શાંતિ માટે રાહ જોવાની છે. ધ્યાન પુરું થયેથી ૐ, ૐ પાંચ વખત બોલીને શિવોડહમ્ જેવાં વાક્યો બોલીને મનને શાંત રીતે ધ્યાનમાંથી ખસેડીને જગતના પદાર્થ તરફ વાળવું શિયાળામાં પદ્માસનથી ઠંડી દૂર થઈ જશે.

**ઈતિ ધ્યાનમ્**

પ્રશ્નોત્તરીમાંથી વીણેલું :— સાંજે ૪ થી ૫

★ ધ્યાન વખતે કાનમાંથી ધીમો ધીમો સૂર નીકળે તો મન પરિવર્તન પામ્યું ગણાય અને તેથી એકાગ્રતા તરફ વધુ આગળ વધેલ છે તેમ માનવું.

★ અમરનાથ ૧૭૦૦૦ ફુટની ઉંચાઈએ છે.

★ શ્રાવણ માસમાં જવું વધુ સલાહ ભર્યું અને મહત્ત્વવાળું ગણાય છે. ત્યારે દર્શન થાય છે.

ૐ આત્મસાક્ષાત્કાર સૌથી મોટી સિદ્ધિ ગણાય છે. સિદ્ધિ(બીજી) આત્મસાક્ષાત્કાર વિના પણ મળી શકે અને આત્મસાક્ષાત્કાર વાળા પાસે કદાચ સિદ્ધિ ન પણ હોય.

આહાર માત્ર શરીરને સુધારે છે, પોષે છે. મનને નહિ જ.

શાંતિપાઠ યંત્રવત્ ન થાય ૐ શાંતિઃ એમ ભારપૂર્વક ખુશદિલથી બોલાય તો જ સમસ્ત શરીર અને મનમાં શાંતિ પ્રસરી જાય છે. યંત્રવત્ બોલી જવાથી થોડી અસર થાય.

★ **ધારણાની વ્યાખ્યા શ્રી પતંજલિ નીચે મુજબ આપે છેઃ—**

**देशबंधः चितस्य धारणा** એટલે કે Fixation of mind શરીરના કોઈપણ પ્રદેશમાં મનને બાંધવું તે ધારણા : દા.ત. હૃદયપ્રદેશ, મસ્તિષ્ક પ્રદેશ કે મૂલાધાર ચક્રમાં મનને બાંધી શકાય જોડી શકાય. મનને મૂલાધાર ચક્રમાં(બે ભ્રમર વચ્ચે જોડવું) આમ શરીરનાં કોઈ પ્રદેશમાં મનને જોડીએ તો આંતરિક ધારણા કહેવાય. જ્યોતિમાં મનને જોડીએ તો બાહ્ય ધારણા કહેવાય. આમ ધારણા એ ધ્યાન પહેલાની અવસ્થા છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ(ફલશ્રુતિ) એમ આઠ કુલ છે. આમ સમાધિ ડીગ્રી(ઉપાધિ) છે. તે છેલ્લે મળતી ડીગ્રી છે. પહેલા સાતેય સાથે થાય છે. સમાધિ પાછળથી આવે છે.

વિકાસ માટે આત્મ નિરીક્ષણ કરવું બહુ જરુરી છે. પછી દૃઢ સંકલ્પ કરવો કે હવેથી આવું અઘટિત નહીં જ કરું.

★ ધ્યાનમાં આંખ બંધ રહે છે. શાંભવી મુદ્રામાં આંખ ખુલ્લી રહે છે અને આજ્ઞાચક્રમાં રહેલી જ્યોતિને જુએ છે. આધુનિક ફેશનમાં ધ્યાનમાં પણ આંખ ખુલી રાખે છે.

★ ભક્તિયોગની સાથે ધ્યાનયોગ જરુરી છે. શાંભવી મુદ્રા સામાન્ય સાધક માટે સારી નથી પણ આંખો બંધ રાખી ધ્યાન કરવું હિતાવહ છે.

★ ગાયત્રીમંત્ર બધા જ કરી શકે છે.

★ પોતાની અંદર રહેલા પરમાત્માનું દર્શન એટલે જ સાક્ષાત્કાર.

★ ધ્યાન **तैलधारावत्** એટલે કે નિર્ધારિત ધ્યેય તરફ મન એકધારું વહેતું હોવું જોઈએ. વિક્ષેપ વિના એકધારું તેલની



ધારાની જેમ વહ્યા કરે તેજ ખરું ધ્યાન.

★ ધ્યાન નિર્ગુણ અને સગુણ બન્ને થાય છે. રામકૃષ્ણ દેવે બન્ને અનુભવ કરેલ.

**સમાધિઃ—** ધ્યાનમાં બાહ્ય પ્રવૃત્તિઓમાંથી મન ખેંચાઈને આંતરિક જગત તરફ કેન્દ્ર તરફ ડુબતું જાય તે અવસ્થાને સમાધિ અવસ્થા કહે છે.

★ વિશુદ્ધિ આત્માની કરવાની નથી. પણ અવિદ્યાના આવરણો દૂર કરવાનાં છે જેને કબીર સાહેબ **घुंघटका पट** કહે છે.

સમાધિ અવસ્થામાં જવા માટે બેસવું જરુરી છે. ઊભા ઊભા ધ્યાન ન ધરાય. પડી જવાય. બેલેન્સ જાય.

★ બધા ધર્મો કરતાં હિન્દુ ધર્મ ઉદાર છે. ઘણો ઉદાર છે. પસંદગીનાં ક્ષેત્રો વિશાળ છે. ઘણી જ છૂટછાટો છે. ગમે તે માર્ગે પ્રભુને મેળવવો હોય તો મેળવાય છે.

★ બાગ, કુદરત જોતા જોતા તેને બનાવનારને પણ યાદ કરીએ તો સાર્થક છે.

★ ભગવાન દુર્ભેદ્ય દિવાલ બનીને રક્ષા કરે છે. જેમકે માતાના ઉદરમાં શિશુની રક્ષા કોણ કરે છે. કૃષ્ણે ગર્ભસ્થ શિશુ પરિક્ષિતનું રક્ષણ કેવી રીતે કર્યું?

★ મન જ્યાં સુધી પરમાત્માથી પરાઙ્મુખ બને છે ત્યાં સુધી દુઃખ થાય છે. જીવ જ્યારે પોતાના સત્ય સ્વરુપને યાદ કરે છે ત્યારે શાંતિ થાય છે.

માટે ધ્યાનમાં બેસીને, મનને બીજેથી હટાવીને આપણામાં રહેલ પરમાત્મામાં જોડીએ.

★ શ્રવણદ્વારા પણ કોઈ અવિદ્યાના આવરણને તરી જાય છે જેમકે પરિક્ષિત(ભાગવત)

★ હાથ મૂકીને જ ગુરુ શિષ્યને શાંતિ આપે તેવું નથી સંકલ્પથી કે દૃષ્ટિથી પણ શિષ્યને શાંતિ અર્પી શકે છે.

પૂ.યોગેશ્વરજીનાં જીવનનો અંગત

પ્રશ્નઃ— આપને પરમાત્માનું પ્રથમ અને છેલ્લું દર્શન ક્યારે થયેલ? (તા.૧૩—૦૫—૭૬ સાંજે ૪ થી ૫ નો પ્રશ્ન)

જવાબઃ— પ્રથમ દર્શન સાક્ષાત્ ખુલ્લી આંખે થયેલ અને ૧૪ વરસની ઉંમરે થયેલ હતું. છેલ્લા દર્શનનો પ્રશ્ન રહેતો નથી. કેમકે ૧૯૬૦ની સાલથી સતત ૨૪ કલાક ઈશ્વરનું અનુસંધાન ચાલુ જ છે.

સાક્ષાત્કારના બે પ્રકાર છે. સગુણ અને નિર્ગુણ. અત્યારે આપણે એકબીજાને જોઈએ છીએ તે સગુણ(સાકાર) છે પરમાત્માનું તેમાં દર્શન થાય છે.

બીજો પ્રકાર નિર્ગુણ છે જે ધ્યાન કરતાં ચેતનનો અનુભવ લાગે છે, જાગીએ ત્યારે હૃદયમાં જાગૃતિ લાગે તે નિર્ગુણ સાક્ષાત્કાર છે.

શ્રદ્ધાથી સૂક્ષ્મ શરીરે રહેલા પિતૃઓ જરુર તૃપ્ત થાય છે માટે શ્રદ્ધા જરુરી છે જ. ૭ લોક, પેટા બીજા ૭ એમ કુલ ૧૪ લોક છે (જાની સાહેબના પિતાશ્રીનો ૧૪ મો લોક)

**સ્પર્શઃ—** જાગૃતિ અવસ્થામાં કે સમાધિ અવસ્થામાં કોઈ સંતને (કોઈવારના પ્રત્યક્ષ પ્રગટીકરણ વખતે) તો ધારે તો સ્પર્શ કરી શકાય. તે ગમે તે સ્વરુપે દર્શન આપી શકે. સ્થૂળ શરીરે દર્શન આપે તો જ સ્પર્શ થાય. સુક્ષ્મ સ્વરુપે દર્શન આપે તો સ્પર્શ ન થાય. સૂક્ષ્મ સ્વરુપે બંધ બારણામાંથી પણ તે પ્રવેશી શકે



કારણ કે એ સ્વરુપમાં જળ કે પૃથ્વી તત્વ ન હોય.

★ પૂ.યોગેશ્વરજીને રામચંદ્રજીનાં દર્શન થયેલ તેમાં પીળુ વસ્ત્ર, ઊભેલ સ્થિતિ, ફુલની લાંબી માળા, ઉપવસ્ત્ર(મુગટ નહિ.)

★ પૂ.યોગેશ્વરજીની આત્મકથાના ૯૨ પ્રકરણો તૈયાર છે. (આ આત્મકથા તે પછી પ્રસિદ્ધ પામી)

★ સિદ્ધ પુરુષનાં દર્શન થાય ત્યારે તેની સાથે વાત કરી શકાય.

★ યોગ એટલે વિયોગનો અંત. સચ્ચિદાનંદ સ્વરુપનું જોડાણ.

દર્દને હસી કાઢો. કાલ્પનિક ભયને પણ હસી કાઢો.
— મા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# દિવ્ય વાણીનું પદ

—તંત્રી

(ચિ. સુકૃતિ અમારી પૌત્રી છે. આ વર્ષે તેણે મેટ્રિકની પરીક્ષા આપી તુરતજ માના દર્શને અંબાજી ગઈ. તો પૂ.મા તેને દક્ષિણ ભારતની તેમની યાત્રામાં સાથે લઈ ગયાં. જાણે જીવનનું ઘણું મોટું સૌભાગ્ય તેને પ્રાપ્ત થઈ ગયું.

આ પદની રચના તા.૫—એપ્રિલ, રાત્રે ૮ કલાકે પૂ.માના કોડાઈકેનાલના ઉતારામાં સુકૃતિ હતી ત્યારે અવતરિત થઈ છે.

પૂ.માને પહેલી લીટી સ્ફુરેલી પરંતુ પછી બીજી લીટીઓ લખાતી ગઈ ને પૂ.મા સુકૃતિ પાસે ગવડાતાં ગયાં. સુકૃતિને પ્રભુએ સારો કંઠ આપ્યો છે ને તેણે સંગીતની પરીક્ષાઓ પણ દીધી છે તે રીતે જાણે તેને નિમિત્ત બનાવીને જીવ જો પ્રભુને સન્મુખ થાય તો—કેટકેટલું ધરી દેવાની તત્પરતા બતાવી છે. એ રીતે આ પદ નિત્યપાઠમાં સાધકે યાદ કરવા જેવું છે.

<u>પ્રભુએ લખાવેલું પદ</u>

આ પદ સાચેજ પ્રભુની દિવ્ય વાણી—Inspired Writing છે, જે સાચા સંતોને માધ્યમ બનાવી લોકોના હિત માટે સ્ફુરિત થતી હોય છે.) —તંત્રી

આ પદની રચના અંગે પૂ.મા લખે છેઃ—

સુકૃતિ આટલી ઉમરે નાની છતાં ઉઘાડી આંખે જોઈ શકી કે પ્રભુ કેવું લખાવે છે અટક્યા વગર કેવી કલમ ચાલે છે આપણને સૌને પ્રભુની પ્રસાદી પૃથ્વી પર ઉતરે તે ઉઘાડી આંખે જોવાનું સાંપડે છે. ત્યારે આપણને ખ્યાલ આવે કે આપણે માત્ર યંત્રજ



છીએ. એના રમકડાં છીએ. હજારો પ્રયત્ન કરીએ તોપણ એક લીટી લખાતી નથી પણ પ્રભુની ઈચ્છા હોય તો ના લખવું હોય તોપણ હજારો લીટી લખાય જાય છે.

પૂ.શ્રીની વિદાય પછી અમે એક મહિનો મૌન એકાંતમાં હતાં. રોજના નિયમો લીધેલ તેને અતિક્રમીને કલમ હાથમાં લેવી પડી અને શ્રી યોગેશ્વર લીલામૃતનો પ્રસાદ માત્ર ૧૨ દિવસમાં જ પ્રાપ્ત થયો. જાણે કોઈ અદૃશ્ય શક્તિ ઉપરના લોકમાંથી લખાવી રહી છે. નવાઈની વાત તો એ હતી કે ''પ્રકાશના પંથે'' 'પૂ.શ્રી યોગેશ્વરજીની આત્મકથા' એ ઓરડામાં ન હતી. એટલે આજે પણ અચરજ છે કે કેવી રીતે એ લખાયું?

(શ્રી યોગેશ્વર લીલામૃતના ૧૪ અધ્યાયો છે ને કુલ તેની ૨૪૦૦ ઉપરાંત લીટીઓ છે, જેમાં પૂ.શ્રીના જીવનના મહત્ત્વના પ્રસંગોનું કાવ્યમાં લેખન થયું છે. પૂ.મા કોઈ કવિ નથી કે છંદોબધ્ધ કાવ્ય રચનાનો તેઓએ કોઈ અભ્યાસ કર્યો નથી. એટલે અમારી અલ્પમતિ પ્રમાણે પૂ.માની જેમ પ્રભુનો પ્રસાદ માનીએ છીએ, જેને મહાપુરુષોના જીવનમાં આવી રીતે લખાતી રચનાઓને Inspired writings કહી શકાય.

પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી જીવનમાં આવું થતું કાવ્ય લેખન અમે અને અમારી દીકરી જ્યોત્સ્નાએ જોયેલું. પૂ.મા સર્વેશ્વરીએ પણ પૂ.શ્રી સાથેના નિવાસ દરમ્યાન છેલ્લાં વર્ષોમાં જોયલું. એટલે આવી રચનાઓને લૌકિકમાપદંડથી ના માપતાં તેને જે રીતે માણી કે ગાય શકાય તે રીતે માણવામાં જ એનું સાર્થક સમાયેલું છે. તેનો ભાવ ને અર્થ સમજીને શ્રદ્ધાપૂર્વક કરવાથી તે મંત્ર જેવું ફલ આપવા સક્ષમ છે.

— તંત્રી

## પૂ.માથી રચાયેલું પદ

આવ, તને હું અંકે લઈ લઉં,
ઘા ઉપર બે ચૂમી ભરી દઉં,
— આ વ ,
પાપા પગલી ભરતા ભરતા
સુમીરન સંત ગુરુનું કરતાં,
— આ વ ,
૨ડ નહીં તને રાજ ધરી દઉં
તારું ગમતું સઘળું કરી દઉં,
— આ વ ,
જન્મ મરણ જંજાળ કપાવું
રક્ષા કવચ હું તારું બની જઉં,
— આ વ ,
મારગ તારો ફૂલડે મઢી દઉં
ચહુ દિશ સાચું છત્ર ધરી દઉં,
— આ વ ,
વ્હારે ચઢીને વ્હાલ ધરી દઉં
સોડમાં મારી સંતાડી દઉં,
— આ વ ,
અજર—અમર વરદાન દઈ દઉં
સર્વેશ્વરીનો શ્યામ ધરી દઉં.
— આ વ .



## આગળનો કાર્યક્રમ

પૂ.માની ઈચ્છા આ વર્ષે પરદેશ જવાની ન હતી પરંતુ ગુજરાતની અસહ્ય ગરમી ને નિર્જળા ઉપવાસને લીધે પૂ.માને ૧૦ અઠવાડિયા માટેના કેનેડાના વનવિહાર માટે જવા મજબૂર બનવું પડ્યું છે. પૂ.મા વિદેશ પહોંચી ગયાં છે.

પૂ.મા જુલાઈની ૨૫ કે તે પછી મોડામાં મોડા—ઓગસ્ટ ૧૦ સુધીમાં ભારત પાછાં ફરવા વિચારે છે તેવું સાધકોને જણાવ્યું છે. પછી તો ધાર્યું ધરણીધરનું થાય—તે જોતા રહેવાનું. પ્રભુને પ્રાર્થીએ કે પૂ.માની એ ધારણા પ્રમાણે તેઓ ભારત પાછાં ફરે.

હે પ્રભુ, એવું અવશ્ય કરજો.

કર્મની જાળ વધે, શ્રી હરિ સિવાયના સર્વ વિચારોની જાળ વધે તો એ જ જાળ અનંત જન્મોની જંજાળ બને.
— મા

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

મા સર્વેશ્વરી

યાત્રા પ્રારંભ થઇ છે. બાળકોએ સમૂહ પ્રાર્થના કરી લીધી છે.

નવમંત્ર સાથે બસ પ્રારંભ કરશે યાત્રા. તે પહેલાં મા સૌને પ્રસાદ આપે છે.

અરે, માત્ર ૫ મિનિટ બસ ચાલી છે, અને આજે બસ થાકી ગઇ છે. થાકી એટલે ઊભી રહી ગઇ! શ્રી સ્ટીફન્સ ગાડીના ચાલકે જરા મનાવી, પટાવી તો પાછી બે ડગલા ચાલી. વળી જીદ પકડીને ઊભી રહી ગઇ. ફરી પાછી તેને થાબડી છે, તો થોડાં પગલાં ભર્યા છે, ત્યાં જ આ શહેરના કેટલાક પ્રસિદ્ધ સ્ટોરનું સ્થળ આવી ગયું તેના પાર્કીંગલોટમાં બસ ઊભી રહી ગઇ.

બસ જાણે કહી રહી છે, તમને જેવો થાક લાગે તેવો મને પણ લાગે છે! હવે મારે અહીં જ એક કલાક સૂઇ જવું છે. આરામ કરવો છે.

મીકેનીકલ શબ્દોમાં તેને શટડાઉન થઇ એવું કહેવાય. પણ બસ ખરેખર સત્યાગ્રહ કરી રહી છે. ચોક્કસસ્થળે આ બસ આરામ કરશે, એવું શ્રી હરિએ જ નક્કી કરેલું કે જ્યાં બધી જ સગવડ હોય.

હા, શ્રી હરિની જ કૃપા. શ્રી હરિની જ યોજના. એટલે આ સ્થળ મળી ગયું.

મા બાળકોને આપવાના ૫ ડોલરના બે કવર ટોરન્ટોથી જ



તૈયાર કરીને લાવેલાં આજે આપવા માટે. ગઇરાત થી જ તે પ્રભુ પાસે મૂક્યાં હતા. એટલે આજે સૌને મા ૫ ડોલર પ્રસાદમાં આપીને બાળકોને સ્ટોરમાં મોકલ્યા છે.

એક કલાક કે બે કલાક બસને જેટલો આરામ કરવો હતો તેટલો ભલે કરે. બાળકોને પણ જેટલું જ્યાં ફરવું હોય ત્યાં ફરે.

જે હરિ કરે તે મંગલ. એ મંત્ર જે જે સમજીને જપે તેને દરેક સ્થિતિમાં આનંદ આનંદ. તે કદી ફરિયાદ ન કરે.

અરે, આપણી બસના ચાલક શ્રી સ્ટીફન્સ શાંત, નમ્ર, મળતાવડા છે. વૃદ્ધ નથી તો યુવાન પણ નથી. પણ જાણે મૌન વ્રતી હોય એવું પણ લાગે. જરૂર પૂરતી સૌ જોડે વાત કરે.

અરે, શ્રી જગુભાઇ કે શ્રીવિનોદભાઇ એમને સત્સંગ કરાવે તો તે પણ તે સાંભળે. અરે, ત્યાં દરિયાકિનારે પરમદિવસે ભાત શાકનું ભોજન પણ આપણી સાથે લીધું.

બસ વિષે કંપની સાથે વાત થતી હતી ત્યારે જ શ્રી જગુભાઇએ સૂચના આપેલી કે અમારે એવા ડ્રાઇવર જોઇએ કે જે અમારી પ્રાર્થના, ધૂન, તોફાનને સહી શકે. અમારી સાથે ભળી શકે. શ્રી જગુભાઇની એ ભાવના પ્રભુએ મંજૂર કરી. અને એવા જ સૌને અનુકૂળ આ ચાલકભાઇ આપણને પ્રસાદમાં પ્રાપ્ત થયા.

માંસાહારી કે વ્યસની, મિજાજી કે ધૂની ડ્રાઇવર જો મળી જાય તો યાત્રાના આનંદમાં જાણે કોરડો ઝીંકાય. પણ અહીં પ્રભુની કૃપા છે કે ચાલક અનુકૂળ મળ્યા છે.

એવા આપણાં જ સ્વજન જેવા સ્ટીફન્સને પણ મા ૫ ડોલર ને કેન્ડી આપે છે. અરે, આજે તો તેને આપણો ધ્વજવાળો બેઇજ—બીલ્લો પણ પહેરાવે છે.

સ્વજન બનીને આપણી વચ્ચે આપણા જેવા થઈને આ વિદેશી જાણે સ્વદેશી બનીને યાત્રા સર્વ પ્રકારે સફળ બનાવવામાં સાચે જ ઘણો મોટો ફાળો ભજવશે એવું લાગે છે.

માની ઘણી યાત્રામાં લગભગ બધા જ વિદેશી ચાલકો એકાદ દિવસમાં તો મિત્ર જેવા બની જાય છે.

એડમન્ટન યાત્રામાં એક બસ બાળકોની જ હતી. બસના ચાલક શ્રી હોઝે યુવાન હતા. પહેલે દિવસે કડક મીજાજી લાગ્યા. જાણે પોતાની જ બસ છે ને સૌ એના આજ્ઞાકિંત સેવકો છે એવું એ માનતો હતો. પહેલે દિવસે બીજા જ વિશ્રામમાં મા જાતે બસમાં ગયાં ને તેને ખોબો ભરીને ચોકલેટ બીસ્કીટનો પ્રસાદ આપી આવ્યાં. તો પ્રસાદનો જાદુ તો જુઓ. તરત જ એનું મન ધીમે ધીમે બદલાઈ ગયું ને દિવસને અંતે તો તે સૌ જોડે વાતો કરવા લાગ્યો. અને પછી તો એટલો બધો ભળી ગયો કે યાત્રાના અંતે એડમન્ટના હોલના ગરબામાં તે પોતાની પત્નીને, બાળકોને પણ દર્શન કરાવવા લઈ આવ્યો!

પ્રેમની પલાળવાની આ રીત અકસીર છે. જડ જેવા દેખાતા માનવને પણ એક અતિકોમળ નાનકડું હૈયું પ્રભુએ આપ્યું છે એટલે તે જીવી શકે છે. સૌને પ્રેમ ધરીને જીવાડી પણ શકે છે.

પ્રેમ એવું પવિત્ર ઔષધ છે.

અમે યુરોપની યાત્રા કરી ૭૫ વરસના અંગ્રેજ બસ ચાલક શ્રી માઈક હતા.

શ્રી માઈકને શીખવી દીધું ૐ મા. અને હાથ જોડતાં શીખવી દીધું. જાણ્યું કે એને સફરજન ખૂબ ભાવે છે તો મા દરરોજ એને એપલ હાથમાં લઈને હાથ ઉંચો કરે તે બસના મીરરમાં દેખાય. એટલે ચાલુ બસે જ ૐ મા બોલીને પોતાનો



આનંદ વ્યક્ત કરે ને સફરજનનો સ્વીકાર કરે.

શ્રી માઈકને માએ રોજરોજ પ્રસાદ પણ આપ્યો. શાકાહારી ભોજન સૌ સાથે લેવા માંડ્યા અને અંતિમ દિવસે માએ તેને ફાટેલા વોલેટને બદલી નવું વોલેટ(પાકીટ) આપી તેમાં પાઉન્ડની પ્રસાદી, સૂકો મેવો આપ્યો, તો તે સાચે સાચ રડી પડ્યો. કહે ''મને આટલો પ્રેમ મારી જિંદગીમાં કોઈએ કર્યો નથી. મારી મા મળી હોય એવું મને લાગે છે.''

એટલે શ્રી માઈક પણ માની અનેક યાત્રાના સ્મરણીય પાત્રોમાંનું એક છે.

એ રીતે અલાસ્કા યાત્રામાં અચાનક બસ બગડી એને કેથી જેવી બહેન ડ્રાઈવર મળી. તે તો ભારતીય સંગીતની પ્રેમી હતી. ત્રણ દિવસમાં તો તે એવી ભળી ગઈ કે એક દિવસ ભારતીય સાડી પહેરી. અરે, છેલ્લે દિવસે મા ઉપર એક કવિતા લખીને ગાતાં ગાતાં રડી પડી. માએ એની કોલેજની ફી પણ પ્રસાદમાં આપી.

એટલે કેથી પણ એક સ્મરણીય પાત્ર છે. લાગે છે આ યાત્રામાં આપણા આ સ્ટીફન્સભાઈ પણ એવા જ સ્મરણીય સ્વજન બની જશે.

શ્રી હરિની કૃપાથી એવા સર્વ વિદેશી સ્મરણીય સ્વજનો મળતા રહે છે. યાત્રાને સરસ બનાવતા રહે છે.

બસ જ્યાં વિશ્રામ લે છે, ત્યાં અનેક જાણીતા સ્ટોર પણ શ્રી હરિએજ સેવા માટે ઊભા કર્યા હતા. એટલે સૌ ફરીને ખરીદે છે.

જાણે આજની યાત્રાનો એક કાર્યક્રમ શોપીંગનો છે. બસ આરામ કરે. બાળકો શોપીંગ કરે. મોટાઓ બાળકોની નાસ્તાની

ચિંતા કરે ને સગવડ ઊભી કરે. બસની બહાર મા વળી અધૂરી નિત્યનોંધ લખે. તો સરોજબેન જેવા બસમાં બેસી પાઠ કરે. નિશા, શીતલ જેવા ડાયરી લેખન કરે.

વિવિધ પ્રવૃત્તિમાં આ બસ સૌને કાર્યરત કરી ગઈ છે. એક બસ જે બોલતી નથી. છતાં સૌને બોલતા, દોડતા કરી દે છે.

બસ શટડાઉન થઈ એવું જાણતાં જ કેટલાક બાળકો બોલી ઉઠ્યા.

ઓ માઈ ગોડ! વોટ વીલ વી ડુ!

બાળકોએ ભગવાનને યાદ કરે છે. હા, અહીં સૌને એવી ટેવ છે. ઓ માઈ ગોડ, ઓ માઈ ગોડ, બોલ્યા કરે છે. જાણે મશીન જેવો એ પોકાર છે પણ છે તો એ પોકાર જ ને?

બાળકોનો એ પોકાર પ્રભુએ સાંભળીને જ્યાં બધીજ સગવડ હતી. અરે, જ્યાં કેનેડીયન ટાયા, ડોલારામ, વોલમાર્ટ, અને ખાવાના સ્ટોર હતા ત્યાંજ બસ ઊભી રાખી. હે પ્રભુ, આપનો આભાર. આપને લક્ષકોટિ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

બાળકોની બીજી ચિંતા વોટવીલ વી ડુ? તો તેનો પણ પ્રભુએ ઉકેલ આપ્યો મંગલ માર્ગ બતાવ્યો.

પ્રભુ જાણે કહી રહ્યા છે જો એટલે જ બસ ઊભી રાખી છે કે તમે બધા ફરો. શું કરીશું? તો તે પ્રશ્નમાં આપણે તો કંઈજ કરવાનું નથી. માત્ર ફરવાનું, આનંદ લૂટવાનો છે.

બાળકોને હે હરિ, આપે હસતા રાખ્યા રમતા રાખ્યા. મન મૂકીને સૌ ફર્યા ને પાછા સમય થતાં બસમાં બેઠા.

બસ,ભલે એક જડ પદાર્થ ગણાય. પણ શ્રી જગદીશચંદ્ર બોઝ ભારતના વૈજ્ઞાનિકે શોધ્યું કે લોખંડના પતરામાં પણ ચેતન



સુષુપ્ત રૂપે રહેલું છે. એસીડ છાંટતા જ પતરૂં ધ્રૂજી ઉઠે છે, એ વાત તેમણે પ્રયોગ કરીને સાબિત કરી છે,

એટલે બસ ભલે જડ જેવી લાગે, પણ તેમાં પણ ચેતનતત્ત્વ છે જ.

માટે બસનો આભાર. હે યંત્રદેવતા આપે આરામ કરી લીધો. ને પાછા જોબ માટે સેવા માટે, સજ્જ થઈ ગયા. માટે ધન્યવાદ.

(ક્રમશઃ)

'જે હરિ કરશે તે મમ હિતનું' એવી શ્રદ્ધા રાખો.
— મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# પૂ.શ્રીમાની સંનિધિ—સાગરના હરિરસમાં સ્નાન

**ડો.બી.જે.જાગાણી**

તા.૨૮–૧૨–૨૦૦૯નો દિવસ જ અનેરો સત્સંગ ને સંનિધિનો થાળ લઈને સ્વર્ગારોહણમાં પ્રગટ્યો છે. સવારથી સત્કર્મની બેઠક સાંજના ૫.૩૦ કલાક સુધી એકધારી ચાલી. શું થયું આ બેઠકમાં?

સત્કર્મ થયું. પૂ.શ્રીમાની સંનિધિ મળી. એકાદશીનું વ્રતનું પાલન થયું. શરીરથી ઉપર ને ભૂખથી ઉપર ઊઠવાની સહજ સાધના થઈ ગઈ. સંતોની સંનિધિમાં આ બધું સહજ થઈ જાય છે. પૂ.શ્રી પ્રવચનની અમૃતવાણીમાં પીરસે છે કે એક ક્ષણની પણ સંતની સંનિધિ—સત્સંગ જીવને તારી દે છે. સંનિધિ હોય ત્યાં સુધી રાગ—દ્વેષ, અહંતા—મમતા, નિંદા—ટીકાથી પર થવાય છે. પ્રભુનું સ્મરણ વધે છે. હું કોણ છું. ક્યાંથી આવ્યો છું. ક્યાં જવાનું છે. શરીર ધારણ કરીને શું કરવાનું છે. એ બધા સવાલોના જવાબો મેળવવાની યાત્રા—સ્વની યાત્રા સહજ આરંભાઈ જાય છે. સંતની સંનિધિમાં આ બધું સહજ રીતે થઈ જાય છે.

પૂ.શ્રીમાને પણ નિર્જળા છે. પ્રસન્નવદને, પ્રેરણાત્મક જીવનની સરવાણીની સરિતામાં સૌને સ્નાન કરાવતાં જ રહે છે.

કેનેડાના સત્સંગી શ્રી સુરેશભાઈને પૂ.શ્રીમા બોલવા પ્રેરણા આપે છે. પૂ.શ્રી કેનેડામાં પ્રવચનો માટે પધાર્યા ત્યારે ટી.વી. પર દિવાળીના દિવસે આપેલ પ્રવચનની વાત કરી. નિર્ધારિત સમયે



પૂ.શ્રી ટી.વી. સ્ટેશને પહોંચી જાય છે. પ્રીપેરેશન રુમની જરુર જ ના પડી. બેઠકરૂમ મેકઅપ રૂમ, પ્રીપરેશન રૂમ વક્તાઓ માટે હોય જ છે. પણ પૂ.શ્રીને આમાંથી એક પણ રૂમની જરુર ના પડી. પ્રવચન પંદર મિનિટમાં પૂર્ણ કરવાની સૂચના મળી. પંદર મિનિટમાં જ પૂર્ણ થઈ ગયું. કોઈપણ પૂર્વ તૈયારી વિના જ પ્રવચન અપાયું. એટલે ટી.વી. સ્ટેશનવાળા ભાઈ બોલી ઊઠ્યાં We have never seen' saint like this આવા સંત અમે ક્યારેય જોયા નથી. પૂ.શ્રીની આ શક્તિ હતી.

વિદેશથી આવેલ નિશાબહેનના સૂરીલા કંઠે ગવાતી ધૂન ને ભજનો છેલ્લા બે દિવસથી સૌને ડોલાવી દે છે. પૂ.શ્રીમાને આ બાળક પ્રિય છે. વળી આજે રાત્રે નિશાબહેન સ્વર્ગારોહણથી વિદાય લઈને જવાનાં છે એટલે સૌને ફરી લાભ મળે એટલે પૂ.શ્રીમા નિશાબહેન ને કંઈક બોલવા પ્રેરણા કરે છે.

નિશાબહેન ''સબસે ઊંચી પ્રેમ સગાઈ દૂર્યોધન કો મેવા ત્યાગો, સાગ વિદૂર ઘર પાઈ'' પદ ભાવવિભોર બનીને ગાય છે. કર્ણને જે સત્સંગ મળે ને જે આનંદ આત્માને થાય તેનું વર્ણન અહીં શક્ય નથી એ માટે તો નિશાબહેનને પૂ.શ્રીમાની સંનિધિમાં સાંભળવાં જ પડે. માણવાં પડે. ઉંમર નાની છે. અભ્યાસ કરે છે. અભ્યાસ સાથે કામ કરે છે. તે આવક સત્કર્મમાં અહીં દાન કરવા આવ્યાં છે. સીધાં જ અમેરિકાથી સ્વર્ગારોહણ ને સ્વર્ગારોહણથી અમેરિકા. આ પણ પૂ.શ્રીમાની કૃપાથી જોવા મળતી લીલા જ નહીં, તો બીજું શું? કેટલાંય બાળકોનાં આદર્શ બનીને પૂ.શ્રીમા હૃદયકુંજમાં મૂર્તિ બનીને પૂજાવા લાગ્યાં છે. નિશાબહેન તો એક ઝલક જ છે.

નિશાબહેન ભાવજગતમાં ડૂબેલાં છે. પ્રેમાશ્રુથી ભક્તિ કરી

રહ્યાં છે. કહે કે 'આઠ દિવસ એમ જ જતા રહ્યા. સત્કર્મમાં આવેલા અભાવગ્રસ્તોને પાણી પીવડાવ્યું. તેઓએ ખૂબ આશીર્વાદ આપ્યા છે. માલિક તમારું ભલું કરે, ખુશી રાખે, સુખી રાખે. વળી ખુશીમાં ને ખુશીમાં તેઓ મને જોયા કરે. હાથ ફેરવે. આ બધું ભાથું ને આશીર્વાદ હું અમેરિકા લઇ જાઉં છું. ડાયરી લખું છું. મા પાસે રહેવાથી સારા વિચારો જ આવે. મા પાસેથી જીવવાની તાલીમ મળે છે. ડાયરી ફરી વાચું છું ત્યારે નવી જ પ્રેરણા મળે છે. મન પ્રેમરસથી ભરાઇ જાય છે.' 'Everyday we are learning new amazing things in the company of Maa. Maa making me to see that' (નિત્ય નવું શિક્ષણ ને દર્શન. આજ મા પાસેથી શીખવા મળે છે.)

પૂ.શ્રીમા મારા જીવનમાં કાયમ રહે, મને જાગ્રત રાખે એવી પ્રાર્થના સહજ રીતે નિશાબહેન કરે છે. વળી એમ પણ કહ્યું કે માએ મને કહેલું કે આજે છેલ્લો દિવસ છે એવું જીવન જીવો. મારું જીવન પણ એ જ માર્ગે જાય છે.

પૂ.શ્રીમા પણ આ પ્રેમભીની વાત સાંભળીને સ્લેટ પર લખે છે કે સ્વર્ગારોહણની આ ડાહી દીકરી પાછી ક્યારે આવશે. જો નહીં આવે તો આજે નહીં જવા દઇએ. નિશાબહેન બોલી ઊઠે છે હું માને પ્રાર્થના કરું છુ કે પાછી જલ્દી આવી જાઉં.

પૂ.શ્રીમાની સંનિધિમાં સત્સંગ એ જ પ્રધાન તત્ત્વ ને થાળ. એક વડીલ કાકા હવે પ્રેમે રંગાઇને પૂ.શ્રીમાપરની એક કવિતા સંભળાવે છે.

રેસ્ટોરંટમાં રસિયાઓ જાય ને જે ભાવનું હોય તેનો ઓર્ડર અપાય ને પછી ભરપેટ ખવાઇ જાય તેમ અહીં પ્રેમરસ,



ભક્તિરસ, અમીરસ પૂ.શ્રીમાની સંનિધિમાં સ્વર્ગારોહણમાં પીરસાય છે. ભક્તો તે માણે છે. ક્યારેક વિદેશનું બાળક તો ક્યારેક ભારતનું બાળક પોતાનો ભાવ પ્રગટ કર્યા વિના રહી શક્તું નથી. અહીં ઉંમરનો પદનો, સત્તાનો, સંપત્તિનો કોઇ ભેદ નથી. એક જ અવસર છે. એક જ આસન છે. એક જ સંદેશ છે. પ્રેમભીના બની પ્રેમરસ પીવો ને પીવરાવો. ત્યાં તો નવો સ્વાદ મળે તેની વ્યવસ્થા પૂ.મા કરે છે. એ પણ સહજ જ બને છે. નાટકના પડદા ખૂલે ને નાટકનાં પાત્રો એક પછી એક સ્ટેજ પર આવે ને નાટક આગળ વધારતાં જાય. તેમ પૂ.શ્રીમા પણ આજે ભક્તોને બધું જ આપી દેવા બધું કરી રહ્યાં છે. પૂ. શ્રીમા સ્લેટ પર લખે છે.

'હવે ૩૦ વર્ષે જે ભારત આવ્યાં છે. જેમનું જન્મસ્થાન ભારત નથી. છતાં સંપૂર્ણ શુદ્ધ શાકાહારી રહી શક્યાં અને ગુજરાતી ભાષા પણ સાચવી શક્યાં છે તેવા શ્રી સ્મિતાબહેન વાતો કરશે. વિદેશમાં કેવી રીતે ઉછેર થયો, ગુજરાતી કેવી રીતે શીખ્યાં, ઉત્સવો કેવી રીતે ઉજવાય છે તે બધી જ વાતો કરશે.'

શ્રી સ્મિતાબહેનના સત્સંગનો સાર આ મુજબ છે.

★ પ્રેમના સાગર સમા ભાઇની દીકરી થવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. ઝાંબિયામાં જન્મ થયો ને હવે ઓસ્ટ્રેલિયામાં રહીએ છીએ. રંગભેદનો પણ અનુભવ થયો.

★ શ્રી કાલીદાસકાકા સાથે એક કલાક રામાયણ સાંભળતી. મારા મગજમાં ચોપાઇનો રણકો આજે પણ ગૂંજે છે. કપૂરા ગઇ તો 'ૐ નમો ભગવતે વાસુદેવાય'નો મંત્ર દાદા બોલતા તે આજે પણ કાનમાં ગૂંજ્યો.

★ પૂ.શ્રીમા ખાદીનો ડ્રેસ પહેરીને કોલેજ જતાં. મા મને

સાથે લઈ જતા. દાણા—ચણા લઈ આપતાં. નાટક જોવાં ગમતાં.

★ જનમ્યાં વિદેશમા. અમારા માતા લક્ષ્મીબહેન જ આદર્શ શિક્ષક તરીકે મળ્યાં. ગુજરાતી ભાષા શીખવતાં. ભારતીય સંસ્કારોની રક્ષા વિદેશમાં અશક્ય છે. છતાંય પૂ.માની કૃપાથી રક્ષાયેલાં છીએ.

સ્મિતાબહેનની સાથે સૌ પ્રશ્નોત્તરી કરે છે. ત્રણ સંસ્કૃતિનો સમન્વય પામીને પાંગરેલાં સ્મિતાબહેન બેરિસ્ટર છે. ઓસ્ટ્રેલિયામાં સ્થિર થયાં છે. તેઓને સ્વર્ગારોહણ ખૂબ ગમ્યું છે. વિદેશથી આવેલા બાળકોને પૂ.શ્રીમા ઊભા કરે છે. સ્મિતાબહેનના બાળકો ઓસ્ટ્રેલિયામાં છે. અમીશ, અંજની સાથે ચાલુ કાર્યક્રમે સૌ વાત કરે છે. સ્વર્ગારોહણમાં લાવવાની જવાબદારી પાર્થ—પૂજાને સોંપાય છે. આ બધું જોતાં કાર્યક્રમ ખૂબ જીવંત બની જાય છે.

શ્રી સ્નેહલભાઈના પિતાજી અને રથીના દાદા શ્રી ગૌતમભાઈ પૂ.શ્રીમાની આજ્ઞાથી બોલે છે.

★ બાળકોને સ્વમાની બનાવો, સ્વર્નિભર બનાવો, પોતાની રીતે મોટાં થવા દો.

સત્સંગની આ બેઠક ૫.૩૦ કલાકે સાંજે પૂર્ણ થઈ. પૂ.શ્રીમાના ઉપવાસી શરીરે પણ ઘણું તપ કર્યું. સૌને સંનિધિ સુખ આપવા જ પૂ.શ્રીમા તપી રહ્યાં છે. સૌને પોતાનાં કરી રહ્યાં છે. સંસાર સાગરે તારી રહ્યાં છે. ભક્તિનું દાન કરી રહ્યાં છે. ભક્તો હવે અગિયારશનો પ્રસાદ પામે છે.

(ક્રમશઃ)



# સ્વર્ગારોહણનાં સંભારણાં

નારાયણ હ. જાની

(નોંધઃ—તંત્રીએ સંપાદિત કરેલા આ લેખોની વિગતો શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદીને શ્રી વિનુભાઈ અમીનની નોંધોમાંથી સાંપડી છે. —તંત્રી)

## ૧ બિપીનભાઈની એકધારી સેવા

તા.૦૯—૦૪—૧૦ના રોજ સ્વર્ગારોહણ પધારતાં પૂ.મા લખે છે કે જૂના વખતમાં બાળકનો જન્મ થાય તે પછી તે આંખ ત્રણેક દિવસે ઉઘાડે, ત્યાં સુધી રોજ એનો જન્મદિન મનાય. એજ રીતે તા.૦૮—૦૪ ના રોજ શ્રી બિપિનભાઈનો જન્મદિન હતો. એટલે આજે પણ તે ઉજવી શકાય. આઈસ્ક્રીમના પ્રસાદથી ભક્તો તે માણે છે.

શ્રી બિપીનભાઈની સેવા અંગે પૂ.મા પૂછે છે તમે કેટલા વરસોથી પૂ.માને અંબાજી લઈ જાઓ છો? તો કહે. ૧૯૯૮માં પૂ.શ્રીમા મળ્યાં. ને ૨૦૦૦ થી તો નિયમિત પૂ.માને લઈ જાઉં છું. દસ વર્ષથી એકધારી સેવા પૂ.શ્રીમાને આપી રહ્યાં છે કદી છટક્યા નથી. કદી અટક્યા નથી. કેટલી મોટી સેવા છે! પોતાના કામમાંથી વખત કાઢવો. તો કદાચ ૧૦૮ વાર પૂ.શ્રીમાને ગાડીમાં બેસાડ્યાં જ હશે.

એમ કહી પૂ.મા એમની સેવાને બીરદાવે છે.

શ્રી હીરાભાઈ તન્ના—શ્રી બિપીનભાઈના પિતાજી વ્યવસાયે ડોકટર છે. હવે તેમની ઉંમર પણ ઘણી થઈ છે. પરંતુ તેઓ તેમની પત્ની સાથે સ્વર્ગારોહણ આવે ત્યારે હાથે બનાવેલ પ્રસાદનો ડબ્બો લઈને આવે. કેવો સરસ ભાવ!

તો અંબાજીના શ્રી દીલિપભાઇ પટેલ પણ દર અગિયારસે પૂ.મા હોય ત્યારે ઘરે બનાવેલ પ્રસાદનો ડબ્બો લઈને આવે. પૂ.માને ધરે ને ભક્તોને વહેંચે. ભક્તોને પોતાના ઘરનો પ્રસાદ ખવડાવવાનો કેવો સરસ ભાવ!

પૂ.માનાં મોટાબહેન શ્રીશારદાબહેન તરફથી પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

## ૨. રંજનબહેનનો જન્મદિન

સ્વર્ગારોહણના મેનેજર શ્રી ઘનશ્યામભાઇ દેસાઇનાં ધર્મપત્ની શ્રી રંજનબહેનનો જન્મદિન તા.૧૦–૦૪ના રોજ હતો. તો પૂ.માએ લખ્યું. ધર્મપત્ની અનુકૂળ છે એટલે દેસાઇ ભાઇ સો ટકા સ્વર્ગારોહણને સમર્પિત થઇ રહી શક્યા છે. તો એવાં જ અનુકૂળ રહેજો.

એમના પિતા શ્રી હિમ્મતભાઈની સ્મૃતિને યાદ કરતાં લખે છે. તેઓ એક આદર્શ ધ્યેયનિષ્ઠ વ્યક્તિ. એકવાર તેઓએ જયપુર ગુજરાતી સમાજમાં ઉતરેલા ત્યારે અગાસીમાંથી જોયું કે તો નીચે સ્કૂલ ચાલતી હતી. તે સ્કુલમાં દરવાજે કોઇ એક વિદ્યાર્થી મોડો પડ્યો તો તેના શિક્ષકે તેને તમાચો માર્યો. શ્રી હિમ્મતભાઇ કેવા પ્રેમાળ પિતા! તુરત જ નીચે જઇ શિક્ષક પાસે ક્ષમા મંગાવી ને પોતે ઉપવાસ પર ઉતર્યા.

રાજસ્થાનમાં પૂ.શ્રીનાં પ્રવચનોની યાત્રામાં પોતે જ સતત સાથે રહ્યા. તેમજ પૂ.શ્રી માટે રસોઇના બધાં વાસણો ને ગેસ વગેરેની વ્યવસ્થા તેમણે કરેલી. એવા આદર્શ પિતાની પુત્રી રંજનબહેન છે.

દેસાઇભાઇનાં બન્ને બાળકો પણ માતાપિતાની સ્વર્ગારોહણની સેવામાં વિક્ષેપ નાંખતાં નથી.



એમની વિશેષતા સૌને પ્રેમથી આવકારવાની છે. પોતાનું બધું આપીને સામી વ્યક્તિને પ્રસન્ન કરવાની કુશળતા તેમનામાં છે. પ્રભુ તેમને લાંબુ આરોગ્યપ્રદ જીવન આપે એવી પ્રાર્થના કરીએ. બધા જ સાધકોને ફાઇવ સ્ટાર ચોકલેટનો પ્રસાદ તેમના તરફથી પ્રાપ્ત થયો.

માધવને બીરદાવ્યો. શ્રી દેસાઇની દીકરી સંગીતાનો પુત્ર માધવ મુંબઇ રહે છે. તેને ચિત્રો દોરવાનો શોખ છે. તેનાં દોરેલ ત્રણ સરસ ચિત્રો જોઇ. પૂ.મા ખૂબ પ્રસન્ન થયાં, ભવિષ્યમાં તે સારો ચિત્રકાર બને તેવી ભાવના વ્યક્ત કરી.

## ૩. ચિન્મયનો ચમત્કારિક બચાવ

તારીખ ૨૦મી માર્ચે આપણને અહીં સમાચાર મળેલા કે મુંબઇના આપણા સત્સંગીભાઇ અનિલનો પુત્ર ચિન્મય ચાલુ ટ્રેઇનમાંથી પડી ગયેલો. તેને માટે આપણે સાથે મળી પ્રાર્થના કરેલી. ચાર કલાકે તે બાળક બેભાન હાલતમાં મળ્યો. તે પછી તેને કેવી વિપરીત સ્થિતિમાં નાણાવટી હોસ્પીટલમાં ખસેડ્યો ને પૂ.માએ તેની સાત દિવસની બેભાન અવસ્થામાં તેની કેવી રક્ષા કરી તેના પરિવારને કેવી હિમ્મત આપી ને પૂ.મા દક્ષિણ ભારતના પ્રવાસ દરમ્યાન સતત પ્રભુને પ્રાર્થતા રહ્યાં તેની વિગતે વાત તેના કાકા શ્રી યોગેશ પંડ્યાએ કરી. તો શ્રી બીજલબહેન ભટ્ટે તેના મામાના દીકરાના અકસ્માતમાં પૂ.માએ અને સાધકોએ પ્રાર્થનાથી કેવી સહાય ને હૂંફ પહોંચાડી તેનું ભાવપૂર્ણ વાણીથી વર્ણન કર્યું.

શ્રી ચિન્મયનો કેસ એવો છે કે તલવારના ઘાની જેમ તે ભલે જીકાયો પણ ફૂલની જેમ ઝીલાયો. સાચા દિલથી આર્દ્રભાવે કરેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર પ્રભુ કેવો આવે છે. તેનો એ પ્રત્યક્ષ પૂરાવો છે. સર્વસંકટ પ્રભુ સ્મરણથી જ દૂર થાય તેની પ્રતીતિ

સહુને આ ઘટના કરાવી ગઈ.

પૂ.મા દક્ષિણ ભારતની યાત્રાથી પાછાં આવતાં તા.૦૭–૪ના રોજ એરોડ્રોમ પરના ચાર કલાકના રોકાણમાં ચિન્મયને આવેલો જોઈ, તેમજ તેને કોઈપણ પ્રકારની ખોડ નથી જણાતી. તે જાણી ભાવવિભોર થયાં હતાં.

ચિન્મય ભાનમાં આવતાં પહેલા શબ્દો બોલ્યો તે 'ૐ મા' હતા. અકસ્માતના પ્રસંગે તેના ગજવામાંથી મળેલ મા–પ્રભુના ફોટાથી જ તેની ઓળખ થયેલી. આમ મા પ્રભુના સંબંધને લીધે જ તે આ વિપત્તિમાંથી ઉગરી ગયો એમ લાગ્યું.

શ્રી યોગેશભાઈ અને શ્રી અનિલભાઈ પંડ્યા તરફથી ચિ. ચિન્મયના અદ્ભુત બચાવ અંગે પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

## ૪. વિશેષતાઓને વધાવો ને બીરદાવો–પૂ.મા

ભગવદ્ગીતામાં ભગવાન કૃષ્ણએ વિભૂતિ યોગમાં અંતમાં કહ્યું છે કે હે અર્જુન આ દુનિયામાં જ્યારે તને કંઇ વિશેષતાયુક્ત જણાય તો માનવું કે તે વિશેષતા મારો જ અંશ છે.

એ રીતે પૂ.માનો એ સ્વભાવ રહ્યો છે કે જ્યાં અને જ્યારે એમને કંઈક વિશેષતા જણાય ત્યારે તેને બીરદાવે જ. ઉદાહરણ આપતાં પૂ.માએ લખ્યું, ''થોડા સમય પહેલાં સત્યપથમાં ઉપર રહેતા ભાર્ગવ નામે છોકરાએ દૂરથી જોયું કે સામેના મકાનના ઉપરના માળ પરથી એક નાનું બાળક નીચે પડી જઇ રહ્યું છે. તેણે ક્ષણના વિલંબ વિના દોડીને તે બાળકને ઝીલી લીધું! એક જિંદગી બચાવી.''

પૂ.માએ આ વાત જાણી કે તુરત જ તે બાળકને બોલાવીને ખાસ બીરદાવ્યો.



## ૫. નિષ્ઠાની વાત

નાનકડી નિષ્ઠાની સિદ્ધિઓને પૂ.માએ તા.૯મીની રાતે જોઈ. બાળકને મન પોતાનું ઈનામ જ સર્વસ્વ ગણાય. છતાં એ દીકરીએ એ ઈનામોમાંથી એક પણ પેકેટ ખોલવા નથી દીધું. પોતે પણ ખોલ્યું નથી. એ દીકરીના દિલમાં એવો ભાવ કે સ્વર્ગારોહણ તીર્થમાં પૂ.મા જ તે ખોલે ને તેઓ પોતે પહેલાં જુએ એટલે બધી ગીફ્ટ સ્વર્ગારોહણ લઈ આવી છે. તેને સ્કેટીંગમાં ત્રણ મેડલ મળ્યા છે. ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ. પૂ.માએ તેને ત્રણે મેડલ તો પહેરાવ્યા. સાથે પાંચ ફુલના હાર પણ.

આ મેડલ ઉપરાંત તેને બીજાં સાત ઈનામો પણ મળ્યાં છે તે છ વર્ષની જ છે ભણવામાં પણ હોશિયાર છે. તેને વાર્ષિક પરીક્ષામાં બધા જ વિષયોમાં A+ મળ્યા છે. સિનિયર કેજીમાં તે વર્ગમાં પ્રથમ આવી છે. તેણે સંસ્કૃતમાં શ્રીકૃષ્ણાષ્ટક સરસ રીતે ગાઈ સંભળાવ્યું. દેશભક્તિનું ગીત પણ. આ તો જ શક્ય બન્યું છે કે તેના માતા–પિતા–નેહલબહેન અને નિરેનભાઈએ તેના જીવનમાં રસ લઈ, તેની ક્ષમતાને પ્રોત્સાહિત કરી છે. તેથી જ આ બાલિકા આટલી નાની ઉંમરમાં–આ બધી સિદ્ધિઓ હાંસલ કરી શકી છે.

નિષ્ઠાએ પૂ.માને ગીફ્ટ સોંપ્યા પછી એવી વિનંતી કરી કે પૂ.મા ગીફ્ટ ખોલી જેને એવી ગીફ્ટ નથી મળી તેમને તે આપજો.

પૂ.મા લખે છે મોટાઓ પણ આવી ઉદારતા તો નથી બતાવી શકતા. ઈનામ મેળવ્યાને તો કેટલાય દિવસો થયા છતાં તેનો કેવો સંયમ! પૂ.માએ કહ્યું આજે નથી ખોલવું. પ્રભુ પાસે ભલે રાત રહે. તો તેણે કહ્યું, ''ભલે મા કાલે ખોલજો. ને પૂ.માએ તે

બીજા દિવસે ખોલી ને જોઇ. નિષ્ઠાને પાછી આપી. આમ નિષ્ઠા પોતાના મા પ્રત્યેના ભાવને લીધે, પૂ.માનું ખૂબ ખૂબ વહાલ પામી ગઇ.''

નિષ્ઠાની વર્ગશિક્ષિકાએ પણ તેની ઉત્તમ સફળતાઓને વધાવી, તે જીવનમાં આજ રીતે આગળ વધતી રહે તેવી શુભેચ્છા દર્શાવી છે.

## ૬. પૂજાની વિશેષતા

અંબાજીમાં રહેતી દશ વર્ષની પૂજા બાલીકા પણ ઘણી વિશેષતા ધરાવે છે. તે સારું નૃત્ય જાણે છે એટલું જ નહિ પણ તે એક પ્રૌઢ પ્રખર વક્તાની અદાથી બોલી શકે છે. તેને ઘણા બધાં ઇનામો પ્રાપ્ત થયાં છે. તેમજ ઇનામમાં રોકડા પૈસા મળ્યા છે, તેથી રૂા.૫૦૦૧ ની રકમ સૈનિકો માટેની સહાયના ફંડમાં આપી દીધી છે. પૂ.માએ આ દીકરીને પણ બીરદાવી હતી. બનાસકાંઠા જિલ્લા કલેક્ટરે પણ તેની ઉત્તમ ભાવના બદલ આભાર માન્યો છે.

## ૭. દમયંતીબહેન ભક્ત

પૂ.મા લખે છે ''આજના યુગમાં ધર્મશાસ્ત્રોના છાપેલા ગ્રંથો બજારમાં ઘણા મળે છે. જેને જોઇએ તે ખરીદે છે, વસાવે છે, વાંચે છે. પારાયણ કરે છે પણ આ યુગમાં ધર્મગ્રંથોને પોતાના હાથે લખવાનો પ્રયોગ પણ થયો છે કેટલો જાડો ગ્રંથ–દેવી ભાગવત(માઇ મંદિરવાળા, નડિયાદનો) પોતાના હાથે ઘરે રહી દિવસો સુધી એકધારો લખવો એ રમત વાત નથી. એ લખનાર બહેનની કેવી શ્રદ્ધા. કેવી ભક્તિ! તેઓ પોતે પૂજારી નથી કે પૂજારીની દીકરી પણ નથી. વળી ભારતમાં રહેતાં નથી. પરદેશમાં રહે છે. આ હાથે લખેલો ગ્રંથ પૂ.માને પોસ્ટથી



મોકલ્યો એ શ્રી દમયંતીબહેન ભક્તને પણ પૂ.માએ બીરદાવ્યા. તેઓ આજે અહીં ઉપસ્થિત છે. તેમને પૂછ્યું કે ગ્રંથ હાથે લખવાની પ્રેરણા તેમને શાથી થઇ!''

તો તે બહેને જણાવ્યું કે ગ્રંથમાં લખ્યું છે કે હાથે લખી આ ગ્રંથ સંતને ભેટ આપવામાં આવે તો આ પૃથ્વી દાનમાં દીધાનું પુણ્ય મળે તેમજ આપણાં બધાં પાપ, ખરાબ કર્મો નાશ પામે.

તે બહેનની ધર્મશાસ્ત્રના આ વચનમાંની શ્રદ્ધા ખરે જ અભિનંદનીય છે.

## ૮. સ્વર્ગીય સુખનો અનુભવ કરાવતી રાત્રિ બેઠકો

તા. ૦૯, ૧૦ અને ૧૧ એપ્રિલ, પૂ.માની સંનિધિની એ મોડી રાત્રિ સુધીની સત્સંગની બેઠકો–વૃંદાવનની ભગવાન કૃષ્ણની ગોપીઓ સાથેના રાસની યાદ અપાવી ગઇ! એમાં ભગવાન કૃષ્ણનો બંસીનાદ હતો. તો અહીં પૂ.માની સુખદ સંનિધિનું–શાંત શિતલ દર્શન. કેવું અલૌકિક છતાં ચર્મચક્ષુઓથી પણ માણી શકાય એવું!

પૂ.મા સર્વેશ્વરી દક્ષિણ ભારતની યાત્રામાંથી–સ્વર્ગારોહણ તા.૯ એપ્રિલના રોજ પાછાં ફર્યાં. ત્રણ દિવસ સાધકોને દર્શન–સત્સંગમાં મળવાની પૂ.માએ જાણ કરેલી.

અંબાજીમાં દિવસ દરમ્યાન તો ખૂબ ગરમી રહેતી. તેમાં પૂ.માના પાણી વિનાના ઉપવાસ હોય. એટલે પૂ.માને પોતાના સાધનાત્મક નિયમો પૂરા કરવામાં અસુવિધા રહેતી. છતાં પૂ.મા સાધકોને રાત્રિની બેઠકો જે મોડી રાતે ત્રણ સાડાત્રણ સુધી ચાલતી. તેમાં પોતે ઉપસ્થિત રહેતાં, એટલું જ નહિ એમાં પ્રણામો, પ્રવચનો, રાસ ગરબા એવા મુક્ત વાતાવરણમાં થતા અનુભવાતા કે ના પૂછો વાત. વળી આઇસક્રીમ ને વેફરનો

પ્રસાદ પણ રાતે બે વાગ્યા પછી મળતો.

સાધકભાઈબહેનો જે મુક્ત રીતે રાસ ગરબામાં—જાણે પોતાનું અસ્તિત્વ ભૂલીને ઘૂમતાં—તે જોઈ પૂ.મા ખૂબ પ્રસન્ન થતાં. એ વખતનું શાંત વાતાવરણ પૂ.માની ઉપસ્થિતિથી દિવ્યતા ધારણ કરતું. બધા જ સાધક ભાઈબહેનો આ દિવ્યતામાં એવાં તો ખોવાઈ જતાં લાગતાં કે જાણે તેઓ આ પૃથ્વી પર નહિ, પરંતુ કોઈ દિવ્ય લોકમાં વિહાર કરી રહ્યાં ના હોય! એકધારા પાંચ પાંચ કલાક બેસવા છતાં ન તો સાધકો થાક અનુભવતા, ન તો તેમની આંખોમાં ઊંઘ વરતાતી.

કોઈપણ આધ્યાત્મિક સાધનાનું લક્ષ્ય હોય તો તે એ છે કે તમારું ભૌતિક અસ્તિત્ત્વ ભૂલાય અને આત્મિક દિવ્યતાનો અનુભવ કરાય. જાણે વગર સાધનાએ અહીં સર્વ સાધક જીવો પરમાનંદની ઉચ્ચોચ્ચ સ્થિતિમાં પ્રસ્થાપિત ના થઈ ગયા હોય તેમ લાગતું! કેવળ સુખ, શાંતિ ને આનંદનો અનુભવ થતો અનુભવાતો.

આજના વિષમકાળની કોઈ છાયા, કોઈ દુઃખ, કોઈ ગ્લાનિ અહીં નહિ વરતાતી. વહેલી પરોઢની એ અદ્ભુત શાંતિમાં પૂ.માની સન્મુખ બેઠેલા સાધક બહેનો ને ભાઈઓ—જાણે મા જગદંબાની છત્રછાયાના આનંદસાગરમાં ડૂબી, પૂ.માને અનિમેષ નજરે નીહાળવામાં સ્થિર બની રહેલા જણાતા. ત્યારે પેલું ઉપનિષદનું વાક્ય સાકાર થયેલું લાગતું. તદ્ દૂરે તદ્ અંતિકે સંસારીઓ માટે જે દૂર છે, તે સ્વર્ગ જાણે પૂ.માના સાન્નિધ્યમાં અહીં ઉતરી આવ્યું છે. સાચે જ હે મા. આપે આ સ્વર્ગારોહણ નામને સાર્થક કરી દીધું છે હે મા—આપનો અને ગુરુ ભગવંતનો જેટલો આભાર માનીએ એટલો ઓછો. પ્રણામ, પ્રણામ, પ્રણામ.



# શ્રી માના ચરણકમળમાં

દક્ષેશ કોન્ટ્રાક્ટર

અમારા જીવનમાં તમે સૂર્ય બની પ્રગટ્યા છો : તમારા આગમને અમારા આધ્યાત્મિક જીવનનું પરોઢ થયું છે;

અમે મોહ અને અજ્ઞાનની નિંદ્રામાં હતા. પરંતુ તમે અમારી સમજણની આંખો ખોલી નાંખી છે.

તમારા પ્રેમાળ અને કૃપાળુ સ્વરૂપને અમે હવે અલ્પ પણ નીરખવા શક્તિમાન થયા છીએ.

અમારા જીવનમાં તમે વૃક્ષની પેઠે આવ્યાં છો; તમારા ઘેઘૂર વડલાંની છાંયે અમારા જીવનભરના થાકને ઉતાર્યા છે.

અમારા સર્વ સંતાપો હરિ લીધા છે, શીતળતા બક્ષી છે.

અમારા જીવનમાં તમે કિલકિલ ઝરણાંની પેઠે આવ્યાં છો.

અમારા નિસ્તેજ અને રસહીન જીવનને તમે દૈવી જળથી સીંચી તાજગીસભર કર્યું છે; પ્રભુ માર્ગે આગળ વધવા પ્રોત્સાહિત કર્યું છે.

તમે અમારા જીવનમાં મયૂરની પેઠે આવ્યાં છે, અમારા સૂના જીવનઆંગણને તમે પ્રભુના સુમધુર ધ્વનિથી ભરી દીધું છે.

પ્રભુનામનો ગુંજારવ કરવાનું અમને શીખવી દીધું છે.

અમારા જીવનમાં તમે વસંત બનીને આવ્યા છો.

અમને પ્રભુના રંગે રંગી દીધા છે; સત્કર્મોની સુવાસ બક્ષી છે; શાંતિ, સંતોષ અને શ્રદ્ધાના સુમનો પ્રગટાવ્યાં છે.

તમારા એ સર્વ સ્વરૂપોને હે મા પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

# પૂ. માની નિત્યનોંધ

મા સર્વેશ્વરી

વિશ્રામ પૂરા પંદર દિવસનો. જાણે અહીં છેલ્લા ૧૫ વર્ષથી રહેતા હોઇએ એવું મન ટેવાઇ ગયું છે. નિયમિત માળા થઇ. નિયમિત પ્રણામ થયા. કોઇક કોઇક દિવસ ચાલવાનો વ્યાયામ થયો. નિર્જળા વ્રત પણ એની રીતે થયા.

મુલાકાતીઓ ખાસ ન હતા. શનિ–રવિ મુંબઇથી આવનારા હતા. ફોન પણ ખાસ નથી થયા.

એકંદરે આ સ્થળ સૌને ગમ્યું. શાંતિ હતી. અહીં ભીડ ન હતી. પ્રાકૃતિક સૌંદર્ય પણ હતું. જે જે સહયાત્રીઓ હતા તેમનામાં પ્રેમ અને સંપ પણ સારો હતો. અને સૌ માને પણ સર્વ પ્રકારે અનુકૂળ હતા.

આજે પ્રણામ પછી જપ થયા. ચાલવા જવાનો વ્યાયામ બજાર ભણી થયો. બધી જ બેનો સાથે હતી. બજારમાં ભીડ જરા પણ ન હતી.

નહીંવત્ અવર જવર વચ્ચે બજારના મુખ્ય રસ્તા ઉપર યુવાનો ક્રિકેટ રમતા હતા. રમતના મેદાન તરીકે બજારનો ઉપયોગ થયો છે. મેદાન તો હશે જ પણ દૂર હશે.

જેને રમતનો શોખ છે તે તે શોખીન વર્ગ સ્થળ ગમે તે રીતે શોધી કાઢે. સમય પણ શોધી લે અને રમતના સાથીદારો પણ શોધી લે.

જાણે આ રમતપ્રેમી માને કહી રહ્યા છે—તમને પણ સાધનામાં સાચો રસ હોય તો સાધના માટે સ્થળ શોધી લેજો. સમય શોધી લેજો. અને માળા કે ગ્રંથ પણ સાથી તરીકે શોધી લેજો.



આજે ચાલવાની સરસ કસરત થઇ છે. એક, બે દુકાનમાં પણ જવાનું બન્યું છે. ૫, ૭ મિનિટમાં તો તે દુકાનમાંથી પાછું નીકળી જવાનું પણ બને છે.

આજે વસ્ત્રોવાળાની દુકાનવાળા માલિક નિર્મલને પૂછે છે—

પ્રશ્ન : આ સફેદ વસ્ત્રમાં કોણ છે? કોઇ સંત જેવા દેખાય છે.

ઉત્તર : હા. એ અમારા ગુરુ છે.

પ્રશ્ન : એમણે આ હાથમાં શું પહેર્યું છે?

ઉત્તર : ગોમુખી ને માળા છે. એઓ સતત જપ કરે છે. અન્ન ત્યાગ કર્યો છે. સંત છે. અમારા મા છે.

પ્રશ્ન : એ બોલતાં નથી?

ઉત્તર : ૧૨ વર્ષથી મૌનવ્રત છે.

પ્રશ્ન : ફળાહાર ઉપર રહે છે?

ઉત્તર : હા.

પ્રશ્ન : બે ત્રણ દિવસ પહેલાં જોયેલાં ત્યારે જ લાગતું હતું કે આ કોઇ સંત છે.

ઉત્તર : તમે ભાગ્યશાળી છો કે તેઓ અહીં પધાર્યાં છે.

બજારમાં ઘણી ઘણી દુકાનો છે. એમાંથી એકાદને મન અંતરે એ જીવનનો પડઘો પડે ને પ્રતિબિંબ ઝીલે. જરાક જાગે ને જિજ્ઞાસા પ્રારંભ પામે.

બધાને એ આકર્ષણ કે જિજ્ઞાસા નથી જાગતાં.

આજે વળી આ આર્યા હોટલની ઓફિસના કાર્યકર્તા ભાઇ શ્રી સંજીવભાઇ મંજુબેનને સામેથી કહેવા લાગ્યા.

તે ભાઇ : આજે મને સપનામાં માનાં દર્શન થયાં. એક ઓરડામાં સત્સંગ ચાલે છે. હું ડોકીયું કરીને દર્શન કરું છું. ને મારી આંખ ઉઘડી ગઇ. જાગી ગયો. પથારીમાં થોડી વાર બેસી જ રહ્યો.

અરે, આ શું મને સપનામાં માનાં દર્શન થયાં. મને ખૂબ આનંદ થયો.

મંજુબેન કહે : તમે ભાગ્યશાળી છો! તમને સપનામાં માના દર્શન થયા છે.

અહીં આર્યા હોટલમાં તો ૧૦, ૧૨ કાર્યકર્તા છે. તેમાં આ એક ભાઇને આવું સ્વપ્નદર્શન થયું છે.

ત્રણ દિવસ પહેલાં એક કાર્યકર્તા વિલાસભાઇ કહે મારે ઘરે જવાનું છે. પણ તે પહેલાં મારે માનાં દર્શન કરવાં છે.

અને તે ભાઇ માને મળ્યા છે. પ્રણામ કર્યા છે. માએ તેને પ્રસાદ પણ આપ્યો છે.

દશ બાર દિવસ પહેલાં સફાઇ કામદારબેન ભારતીબેનને કહેતી હતી મારે માનાં દર્શન કરવા છે.

શ્રી હરિની કૃપા હોય તેને જ શ્રી હરિ જગાડતા હશે. કોઇ એકદમ જાગે, કોઇ ધીરેથી જાગે, કોઇકને જગાડવા પડે, કોઇક જાતે જ જાગી જાય.

બધો જ આધાર જાગવા ઉપર છે. મહાબળેશ્વરમાં આપણા સ્વજન ભક્તો સિવાય સૌ અપરિચિત હતા. છતાં કેટલાકને શ્રી હરિ કાનમાં આવીને કંઇક કહી ગયા લાગે છે. તે તે જિજ્ઞાસાથી પૂછી રહ્યા છે.

આ મહાબળેશ્વરમાં પૂરા પંદર દિવસ માને સ્થિર કરી દીધાં. ને જાણે આ એક નવા સ્થળને પરિચિત કરી દીધું. જાણે ભારતમાં નજીકમાં નજીક એકાંત, શાંત, પરિચિત સ્થળ શ્રી હરિએ જ શોધી આપ્યું છે.

અહીં બેન જીગીશા જાણે સતત માના વસ્ત્રોની સેવા ઉપાડીને જાણે નજીક આવી રહી છે. તો નીલા, ક્ષીપ્રા, સતત જીગીશાની સાથેજ કાર્યરત છે. તો મંજુબેન તથા નીરૂબેન માના ઓરડામાં જ



ફળાહાર તૈયાર કરવામાં ૪, ૫ કલાક વીતાવી રહ્યાં છે. તો વળી ભારતીબેન કે જ્યાત્સ્નાબેન માની નિત્યનોંધ વાંચવામાં રત છે. તો રાજીવ, આનંદ, જગુભાઇ વિવિધ સ્થળો શોધી, તપાસીને જાણે આ સ્થળને વતન બનાવવાના પ્રયત્નમાં કાર્યરત છે. તો ભાઇ અનિલ તો કેનેડાથી આવીને એક દિવસ પરિવાર સાથે રહીને સીધો મા પાસે આવી ગયો છે. તો વળી બીજલ, જયુ, પૂજા, દેવાંગી, બાળકો શનિ–રવિ આવીને પાછા વિદાય થયાં છે. મુંબઇથી ખાસ દિપેશ, પ્રકાશભાઇ મૂકવા ને લેવા આવી ગયા છે.

આ બધા જ જાણે શ્રી હરિએ પોતાની યોજનામાં ગોઠવેલા પાત્રો જેવાં છે. સૌ પોતાની રીતે સર્વપ્રકારે અનુકૂળ થઇને આ મહાબળેશ્વરના શ્રી અંકે પોતાની રીતે શાંતિથી મોજ માણી શક્યા છે. આટલા બધા રહ્યા છે છતાં સૌ વચ્ચે પ્રેમ ને સંપનું મંગલ ગીત નિત્ય સાંભળવા મળ્યું એ શ્રી હરિની કૃપા છે.

શ્રી ગુરુભગવંતની દક્ષિણ ભારતની યાત્રામાં જે જે પ્રતિકૂળતા હતી તેની સામે આ યાત્રા સર્વ પ્રકારની અનુકૂળતાના થાળ સમી રહી છે. હે હરિ, આપે અતિકષ્ટ માનસિક ને શારીરિક વેઠ્યું. દક્ષિણની યાત્રામાં ને આ માને આપ ફૂલની જેમ રાખો છો. હે હરિ, આપનો એ અનંત ઉપકાર છે. કોઇ પણ જન્મે તે વાળી શકાય તેવો નથી. સનાતન સુખદ સંનિધિ ધરજો જેથી ઉપકાર કે અપકાર, ચર્ચા કે પ્રાર્થના, તપ કે સાધનાના બધા જ પાસા સવળા થઇને કદી જુદાઇનું ગીત જ ના સાંભળવું પડે. હે હરિ, આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ. લક્ષકોટિ પ્રણામ. અમારા સર્વ અપરાધોને ક્ષમા કરી દર્શન દઇને સમાવી લો. હે મારા નાથ, પ્રણામ, પ્રણામ, પ્રણામ. (ક્રમશઃ)

# ઈશ્વર તો છે જ

ડૉ. મહિપતરામ દવે

લોકો આવા તત્ત્વનો નિષેધ કરે છે. જગત સંચાલક કોઈ નથી. વિશ્વ સ્વયં સંચાલિત છે. તેને પૂછીયે કે જગતમાં ક્યો પદાર્થ કોઈની પ્રેરણા વિના સ્વયં ચાલે છે? માટીનો ઘડો છે તે માટીના ઢગલામાંથી કુંભાર=ઘડાના કર્તા=વિના સ્વયં બનતો નથી. તેમ અગોચર શક્તિ=ઈશ્વર તત્ત્વ વિના વિશ્વમાં કશુંય ચાલતું નથી. જ્યારે ઉત્પત્તિ થાય ત્યારે તે જ તત્ત્વને બ્રહ્મા યા બ્રહ્માણી સરસ્વતી કહેવાય છે. સંહાર થાય ત્યારે મહાકાલ–મહાકાલી રુદ્ર કહેવાય છે; પાલન વિશ્વનું કરે છે તેને વિષ્ણુ–લક્ષ્મી એવા નામે લોકો ઓળખે છે. મૂળમાં તે પરમાત્માનું નામ રૂપ યા લિંગ(સ્ત્રી યા પુરુષ) ધામ ગોલોક–કૈલાસ વૈકુંઠ; આયુધો શંખ, ચક્ર, ત્રિશુલ, ડમરું કંઈ છે નહિ–ભક્તોની ભાવનાનુસાર બધું કલ્પે છે અને ભક્તોની રુચિ મુજબ ઈશ્વર તે રુપે ભક્તો દ્વારા અનુભવાય છે.

મહિમ્ન સ્તોત્ર કહે છે ''રુચિનાં વૈચિત્ર્યા'' જુદા જુદા ભાવ ભક્તિવાળા લોકો છે. તે મને જેમ ઈચ્છે તેમ હું તેમને માટે હાજર છું. આમ ભગવાન ગીતામાં કહે છે ''યે યથામાં પ્રપધન્તે–તાન્ તથૈવં ભજામ્યહં''

શ્રી રામાનુજાચાર્ય કહે છે જડ અને ચેતન(ગીતા અ.૭) બે દિવાનો દ્વારા શ્રી હરિ જગતને ચલાવે છે. જીવનેય પ્રેરણા દાતા ઈશ્વર છે, **અ.૧૮ ગીતા** ''ઈશ્વરઃ સર્વભૂતાનાં હદ્દેશેઙર્જુન તિષ્ઠિત ભ્રામયન્સર્વભૂતાનિ, એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ'', 



''અકોદેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ'' શાસ્ત્ર આમ કહે પણ સામાન્ય જનને તર્કથી દલીલથી સમજ આપવાની રહે કે ઈશ્વર વિના વિશ્વ ન જ ટકે.

આપણા પિંડ–દેહની અંદરની દરેક ક્રિયા તપાસો. બ્રહમાંડ માં બનતી ઘટના વિચારો. તમે સફેદ દૂધ પીવો છો તેનું લાલ લોહી કોણ કરે છે? આ હિમોગ્લોબીન છે તે વિના શ્વાસમાં ગયેલ $O_2$ પ્રાણવાયુ શરીરના પ્રત્યેક અંશમાં શક્તિ ન મળે. કોણ પહોંચાડે છે! કીડનીમાં મૂત્રોત્પતિ છે ત્યાં કામના પદાર્થો પાછા (ગરણીમાં થઈને) રક્ત ભ્રમણમાં જાય. માત્ર કચરો જ મળ દ્વારા બહાર આવવા કોણ પ્રેરે છે? વૃક્ષ મૂલમાં નાખેલ જલને ઉપરના પાંદડામાં કોણ પહોંચાડતું ફરે છે? સ્ત્રીતત્વ(ovum) પુરુષતત્વ Spernatogooa શુક્રાણું ના સંયોગે આપણું મનોહર શરીર કોણે બનાવે છે? ઋતુ મુજબ ફળ, ફૂલ, શાક, અનાજ ઉગાડે છે. વર્ષા, ગ્રીષ્મ, શિયાળો ક્રમશઃ શી રીતે આવે છે? બધી ગ્રહો મંડલો અંતરીક્ષમાં વ્યવસ્થિત કોણ ફેરવે છે? જરૂર કોઈ શક્તિ, એનર્જી છે જે આ બધા માટે પ્રેરક છે.

બધું જ જગતમાં પ્રત્યક્ષ નથી. નાસ્તિક કહે છે. ભગવાન હોય તો ક્યારેક તો દેખાયને? મેડિકલના બેક્ટેરિયા વાયરસ તેની ક્રિયાથી જ સમજાય છે. આપણું બ્રેઈન, હૃદય, લીવર ક્યાં દેખાય છે, પણ ડૉક્ટરો સર્જનો એ જોયું જાણ્યું છે તેની વાત માનીએ છીએ. તેમ જે જ્ઞાની સંતોએ આ ઈશ્વર તત્ત્વનો અનુભવ કર્યો છે તેમની સાચી વાણીમાં શ્રદ્ધા કરો અને ઈશ્વર તરફથી ઈશ્વર પ્રાપ્તિની યોગ્યતા કેળવો તો પ્રભુનો સાક્ષાત્કાર થશે જ. ચોથી પેઢીના બાપાને આપણે નથી જોયા, પણ મોટા

બાપુ યા પિતાજીએ જે પહેલા છે તો તેમના કહેવાથી આપણે એ વાત સાચી માનીએ છીએ તેમ જ્ઞાની સંતો જે ઈશ્વરનો અનુભવ કરી શક્યા તેમની વાણીમાં અંધશ્રદ્ધા કરવાનું કારણ શું? પરમાત્માને જ આપણે માતાજી કહેલ છે. વાત્સલ્ય પ્રેમનું સાગર મા છે. આપણે પ્રભુના બાળકો અનેક પીડાથી દુઃખી તે માને(પ્રભુને) સ્મરીયે તો મા રુપે તેને દયા તુરત બાળક માટે આવે. આ રહસ્ય છે એટલે દેવીમાતા પ્રભુથી જુદા નથી. પ્રભુને જ દેવી યા માતા સ્ત્રીલિંગે હરિનું નામ આપણે આપ્યું છે. ગીતા અ.૯ કૃષ્ણ પોતાને પ્રજાની માતા કહે છે પિતાડહમ્ અસ્ય જગતઃ માતા ધાતા પિતામહ ચંડીપાઠમાં પણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જન્મદાત્રી તે દેવી છે. આપણો જીવાત્મા અને દેહ તે પણ ઈશ્વરીય અંશ છે. જડ ચેતન તે હરિથી વ્યાપ્ત છે. હું કોણ. તે હરિ કોણ. બંનેનો સંબંધ શું? આ ચિંતન એ જ ધર્મ છે, ક્રિયાકાંડ ગૌણ છે. જૈનો નિરિશ્વરવાદી છતાં શ્રીમદ્ જૈન(રાજચંદ્ર) છે. છતાં ઈશ્વર જેવી સત્તા માને છે. આધુનિક વિજ્ઞાનીઓ પણ સુપર હ્યુમન ડીવાઈન પાવરમાં માને છે. ઋતુ ઋતુના શાક ફળ અન્ન વર્ષા. ગગનમાં નક્ષત્ર ગ્રહમંડલોની ગતિ અને કર્મફલની વ્યવસ્થા જોતાં દિવ્ય શક્તિ છે જ બ્રહ્મા—પરમેશ્વર—ભગવાન—નારાયણ. અંબાજી, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ જુદા નામો એક પર જ છે. ભારતમાં આ બ્રહ્મનું ચિન્તન થયું તેવું વિશ્વમાં—ક્યાંય—નથી થયું. સર્વ ખલુ ઈદં બ્રહ્મઃ અહંબ્રહમાસિ; આત્મા વ્યાપક નિરાકાર અજ અમર તે ભારતનો આર્ય સિદ્ધાન્ત છે. પુનર્જન્મ, કર્મફલભોગ અને પ્રારંભમાં સાકારનો આશ્રય પણ અન્તે અદ્વૈતભાવ એ ધ્યેય.

પ્રકૃતિ માયા તેને પ્રધાન કહે છે. પુરુષ ચેતન—બેયના પ્રેરક



તે પરમાત્મા આ રહસ્ય ઉપનિષદોમાં છે તેથી વિષ્ણુસહસ્રમાં પ્રધાન પુરુષેશ્વર પ્રભુનું નામ છે જૈનો નો સ્યાદ્વાદ અનિશ્ચય બતાવે છે. સનાતન ધર્મ ઈશ્વર માટે દઢતા નિશ્ચય બતાવે છે પણ તે અનિર્વચનીય—આવો જ ઈશ્વર છે એમ કહી શકાય નહિ.

(૨) પ્રભુને જ વિઘ્ન હર્તા ગણપતિ રૂપે આપણે સર્વ શુભકાર્યમાં સ્મરણ કરીએ છીએ. અથર્વશીર્ષ ગણપતિ સ્તોત્રમાં ગણેશને જ પરમાત્મા કહ્યા છે. પાર્વતીપૂજા રુપ તો પુરાણ કથા વાળાની કથા છે. તમે કાલુપુર અમદાવાદ સ્ટેશને ઉતર્યા. રીક્ષામાં બેઠા. રીક્ષાવાળાને જાણતા નથી કે તે સજ્જન કે દુર્જન છે. છતાં તમે તમારા સ્થળે પહોંચી જાવ છો તે જુહાપુરા યા જમાલપુર તમને લઈ જાય. લૂંટી લે પતાવી દે. તે સંભવ છે છતાં મોટે ભાગે સૌ પોતાના સ્થળે પહોંચે છે. જો અજાણ્યા રીક્ષાવાળામાં તમે વિશ્વાસ કરો છો તો જે પરના હિતાર્થ જ જીવી ગયા. તે જ્ઞાનીના વચનમાં કેમ વિશ્વાસ કરતા નથી કે પરમાત્મા છે જ. ભાગવતમાં સ્તુતિ વત્રાસુર કરે છે તેવી દશા થાય ત્યારે ઈશ્વર મળે. પ્રભુને મેળવાની મળવાની તાલાવેલી. આતુરતા હોવી જોઈએ. ઉપર ઉપરની ભક્તિ કે જ્ઞાનથી પ્રભુ ન મળે. દા.ત આપણા પુત્ર કે પુત્રી ખોવાય જાય. મળે નહિ તે માટે શોધખોળ કરીએ ન મળે તો ઊંઘ ન આવે. ખાવું ન ભાવે, રોવું પણ આવી જાય. તલપાપડ થઈએ તેવું પ્રભુ નથી મળતા તો થવું જોઈએ, તેવું થતું નથી. તો પ્રભુ ક્યાં સસ્તો છે જે મળે.

પરમાત્માના પરિચય માટે નાની પત્રિકામાં કેટલુંક વર્ણવી શકાય? વેદો પણ પૂરી સ્તુતિ કરી શકતા નથી. ''શકે તારો જાણી પરમ મહિમા વાક મન નહિ નિતનિત કર તેને લખે શારદાય, તજે ગુણ સૌ તેનો પાર તોયે ના પામે.'' આ બે

મહિમ્નસ્તોત્રના શ્લોકો વાંચો, જેના પુરાગુણગાંન—વર્ણન સરસ્વતી નોનસ્ટોપ લખે. દરિયા જેવડો શાહીખડિયો કલ્પતરૂની કમલ પૃથ્વી જેવડો કાગળ લે તોય પાર ના પમાય તેવું ઈશ્વર તત્ત્વ છે. આજકાલ અંતરીક્ષયાનો આકાશમાં ઉંચે જઈને જે તસ્વીરો મોકલે છે તે જોતાં, માનવું જ પડે કે પ્રભુશક્તિ અગમ્ય છે. સોલીડ જણાતા કણમાં પણ ઈલેક્ટ્રોન—પ્રોટોન ગતિ કરે છે, આથી જ શ્રી શંકરાચાર્ય કહે છે **गतिस्त्वं गतिस्त्वं भवानि भवानि!** સંપ્રદાયવાળા, અવતારવાદ વાળા નામ રૂપો આપી ઈશ્વરના ભાગલા પાડી મતભેદ ઊભા કરે છે. જે સારી વાત નથી.

મૂળ બ્રહ્મ ત્રિગુણ—નિરાકાર યા સર્વકાર છે. વેદ—પુરુષ સૂક્ત મંત્ર **"त्रिपादूध्र्वं उदैत् पुरुषः"** પાદોસ્ય વિશ્વા. ૩/૪ ભાગ પ્રભુસત્તા ઉર્ધ્વ એટલે અગમ્ય છે. પાદ એટલે ૨૫% જ વર્ણવી શકાય છે. જેમાં ૧૪ લોકો બ્રહ્માંડ બધા અવતારો આવી જાય છે. આવું અનુપમ તત્વ તે ઈશ્વર છે અવતાર શબ્દમાં અવ નો અર્થ નાનું સીમિત એ અર્થ છે. દા.ત. અવગુણ શબ્દમાં અવદશા અવમાન અવાન્તરભેદ મૂળ હોય તેથી વિકૃત યા નાનું ગુણદશા ભેદ માન એ અર્થ છે. એ રીતે રામ કૃષ્ણ આદિ અનેક અવતારો મૂળ પરમબ્રહ્મના પ્રતિનિધિ ખરા, પણ સીમિત શક્તિ યુક્ત બ્રહ્મ વિભૂતિ. જો તે સીમિત ન બને તો પ્રજા તેમનો લાભ ન લઈ શકે. ગાંધીજી કહે છે આપણે પણ પ્રભુના અંશ અવતાર પણ રામ, કૃષ્ણાદિ ૫૦૦વોટના ઈલેક્ટ્રીક બલ્બ તો આપણે નાઈટ લેંપ છીએ. મૂળ વિજળી દરેકમાં છે જ. તેની વિદ્યમાનતા, પ્રાગટ્ય વધુ ઓછું સંતો યા શાસ્ત્રો બતાવે તે રીતે, જીવીને આપણે પણ ઈશ્વર તુલ્ય બની શકીયે. જેને મુક્તાત્મા



કહેવાય છે. ગીતા કહે છે. **"बहवो ज्ञान तपसा पूता मद्भाव मागताः"** મને પામ્યા છે. મારા જેવા ગુણધર્મયુક્ત જ્ઞાનીઓ બન્યા છે. શ્રીકૃષ્ણ આમ કહે છે. એટલે સારા જ કાર્યો આપણે કરવાની બુદ્ધિ માટે ગાયત્રી મંત્રમાં પ્રાર્થના છે. **धियो यो नः प्रचोदयात्** આ ઈશ્વર તત્વ વ્યાપક કૃપાલું સર્વજ્ઞ સર્વસમર્થ અને અનુભૂતિનો જ વિષય ઈન્દ્રિય ગમ્ય રહીએ. જાણી લેવું. પણ ભક્તોની ભાવનાનુસાર તે તે રુપે દર્શન આપે. કૃપા કરે છે. સાકાર રુપે મંદિરો એ ચિત્તને પ્રભુમય બનાવવા આલંબન છે. ધર્મ ક્રિયા પણ ચિત્તશુદ્ધિ માટે છે. છેલ્લે બધુંય પ્રભુમય જોનારને કાંઈ કરવાનું રહેતું નથી. તે આત્મારામ—નિજાનંદ નિર્વિકલ્પ સમાધિયુક્ત છે. જે સર્વત્ર હરિને જુએ છે. પરમાત્માનું વર્ણન વેદ શાસ્ત્રાનુસાર એ કે તે સર્વજ્ઞ, સર્વવ્યાપક, સર્વસમર્થ કરુણાસાગર. જગતના કર્તા—હર્તા—ધર્તા અને સ્થૂલ રુપે આ વિશ્વ જ તેનું શરીર છે. તે અંતરયામી છે. મંદિરમાં જ નથી આ રહસ્ય હિંદુઓએ સદા યાદ રાખવું. બીજા શાસ્ત્રો ભલે ન વાંચો. માત્ર ગીતા વાંચો. ઈશ્વર કેવો છે અને તે પામવાનો માર્ગ ઉપાય પણ ગીતામાં અનેકવાર બતાવેલ છે. માત્ર આ માર્ગે ચાલવાનું પ્રેમથી શરૂ કરો. પરમેશ્વર મૂળ નિરાકાર વ્યાપક પણ ભક્તો તેને પિતાંબર પહેરાવે ત્યારે પિતાજી(નારાયણ) અને સાડી પહેરાવે ત્યારે માતાજી(નારાયણી) કહેવાય છે. "त्वमेव माता च पिता त्वमेव" એ જ મા અને એ જ બાપ(એક જ) સંસારમાં ભલે જુદા છે માતા અને પિતા. પ્રથમ દ્રષ્ટિએ ક્ષર(જડ) અક્ષર(ચેતન) દ્વૈત અનુભવાય છે. પણ તેના પ્રેરક હરિ છે.

# રસેશ્વરી

(ગતાંકથી આગળ) **શ્રીયોગેશ્વરજી**

બળરામે વાતાવાતમાં કૃષ્ણને કહ્યું પણ ખરું:

'વ્રજમાં તારા ને રાધાના સ્નેહની વાતો છૂટથી થયા કરે છે!'

કૃષ્ણે વિનોદયુક્ત સ્વરે કહ્યું :

'એમાં શું? સ્નેહ છે એટલે વાતો તો થાય જ ને? મને જીવમાત્ર પ્રત્યે પ્રેમ થાય છે તોપણ રાધા પ્રત્યે મારું અંતર વધારે ખેંચાય છે.એને જોઇ છે ત્યારથી અંતરમાં એને માટેના અનુરાગનો અંકુર ઊગી નીકળ્યો છે. એનું સુધામય સરસ સૌંદર્ય સદન સરખું સ્વરૂપ મારી આંખ આગળ રાતદિવસ રમ્યા કરે છે, એના સુમધુર શબ્દો મારા શ્રવણપટ પર ફર્યા કરે છે, મન એની જ આજુબાજુ ભમ્યા કરે છે, ને હૃદયમાં એનો જ રાસ રમાયા કરે છે. રાધા મારા તનમાં મનમાં ને સમસ્ત જીવનમાં મળી ગઇ છે, પ્રાણના પ્રત્યેક પરમાણુંમાં ભળી ગઇ છે એવું કહું તો ચાલે.'

બળરામ ક્ષણવાર વિચારમાં પડ્યા ને બોલ્યા :

'રાધાએ જન્માંતરમાં તારે માટે પુષ્કળ તપ કર્યું લાગે છે. તે સિવાય તારા અંતરમાં એને માટે આટલો બધો અનુરાગ ના ઉત્પન્ન થાય. વ્રજમંડળમાં રાધા સાચેસાચ સૌથી વધારે સૌભાગ્યશાળી છે. કુમારિકાઓ તો કેટલીય છે પરંતુ રાધા ગગનમંડળમાં તારાઓની વચ્ચે ચંદ્ર જેવી છે : ચારુ અને ચમત્કૃતિભરી. તમારા બંનેના અંતરમાં એકમેકને માટે જે ઉત્કટ પ્રેમભાવ છે એ આવકારદાયક છે.'



બીજે દિવસે રાધા, સુપ્રિયા તથા કૃષ્ણ ત્રણે વૃંદાવનની વાટે સમીસાંજે એક સુંદર સરોવરના તટ પર બેઠેલાં.

ત્રણે વાર્તાલાપમાં લીન હતાં ત્યારે થોડી વારમાં સામેથી પૂનમનો ચંદ્ર પ્રકટ્યો.

એનાં રમણીય રજતરશ્મિ આજુબાજુ બધે જ ફરી વળ્યાં ને સરોવરમાં શાંત સલિલમાં સ્નાન કરવા લાગ્યાં.

કૃષ્ણે કહ્યું :

'ચંદ્ર કેટલો બધો સુંદર લાગે છે?'

'અત્યંત સુંદર.' રાધા બોલી ઊઠી.

'અને આહ્લાદક પણ ખરો.' સુપ્રિયાએ સૂર પુરાવ્યો; 'એના અવલોકનના આનંદથી અંતર ઊછળવા માંડે છે.'

'એને જોઇને મને શું વિચાર આવે છે તે કહી બતાવું?'

'કહી બતાવ.'

કૃષ્ણે અનુમતિ આપી એટલે રાધા બોલી :

'મારા જીવનનું નભ પહેલાં આવી રીતે જ સ્નહેની સુરખીથી છવાયેલું હતું. તેમાં તું એકાએક ચંદ્ર બનીને ચારુ કિરણો ફેલાવતો ફરી વળ્યો છે. એ પ્રેમકિરણોના પુનિત સ્પર્શથી મારું સમસ્ત જીવન પાવન બન્યું કે કૃતાર્થ થયું છે.'

'તું તો કવિતા કરવા માંડી!'

'ના. કવિતા નથી કરતી. અંતરના ભાવોની આછીપાતળી અભિવ્યક્તિ કરી રહી છું.'

સુપ્રિયા બોલી :

'તોપણ તું એક આદર્શ કવયિત્રી થઇ શકે તેમ છે. તારી અંદર એને માટેની બધી યોગ્યતા રહેલી છે.'

'પણ હું કવયિત્રી થવા નથી માગતી. એક પ્રમાણિક પ્રેમિકા તથા પૂર્ણ કૃપાપ્રાપ્ત થવા માગું છું અને એ પણ બીજા કોઈની નહિ, પરંતુ કૃષ્ણની.'

'એ ભાગ્ય તો તને મળી જ ગયું છે.'

'છતાં પણ પૂરેપૂરું નથી મળ્યું. એ ભાગ્ય તો ત્યારે જ મળશે જ્યારે હું કૃષ્ણની સદાને માટે સાથે હોઈશ.'

'અત્યારે મારી સાથે નથી?'

રાધાએ કૃષ્ણ તરફ નેહભરેલી નજરે નિહાળીને કહ્યું :

'છું. સૂક્ષ્મ રીતે સદાને માટે તારી સાથે છું પરંતુ સ્થૂલ રીતે નથી. મારે સ્થૂલ રીતે પણ સાથે રહેવું છે.'

'અને ના રહેવાય તો?'

'તો પછી જેવું મારું ભાગ્ય. એ સંજોગોમાં મારા ભાગ્ય વિના બીજા કોઈનેય દોષ નહિ દઉં. એમ સમજી લઈશ કે મારું તપ હજી શેષ છે.'

'તારું તપ હજી શેષ છે એમ તો ના જ કહેવાય.' સુપ્રિયાએ કહ્યું; 'તારું તપ પરાકાષ્ટાએ પહોંચ્યું એટલે તો કૃષ્ણનો મેળાપ થયો ને કૃષ્ણના પ્રેમની પ્રાપ્તિ થઈ. તારી બીજી આકાંક્ષા પણ અવસર આવતાં આપોઆપ પૂરી થઈ રહેશે.'

રાધા થોડી વાર સુધી શાંત ચિત્તે સરોવર તરફ જોઈ રહીને બોલીઃ

'સરોવરમાં સ્નાન કરનારાં ચંદ્રનાં ચારુ કિરણ સરોવરમાં સુધાનો સંચાર કરે છે ને જીવન ભરે છે. મારું જીવન પણ તારાં સ્નેહકિરણોથી આવી રીતે જ સુધામય બન્યું છે ને નવજીવન લભ્યું છે. કમલિનીનાં ખીલી ઊઠેલાં દલની પેઠે તને પેખીને મારું અંગે અંગ આંનંદિત બનીને ખીલી ઊઠ્યું છે. તારા વિના મારા



જીવનમાં બીજું કાંઈ જ નથી રહ્યું, કૃષ્ણ! બીજો કોઈ જ રસ નથી રહ્યો. આનંદ નથી રહ્યો. એમ થાય છે કે તારી પાસે બેસી જ રહું, તને ને તને જ જોયા કરું, ને તને છોડીને ક્યાંય ના જઉં, છતાં પણ મારે બે—ચાર દિવસમાં જ જવું પડશે.'

'ક્યાં?' કૃષ્ણને રાધાની એ વાત ના ગમી. એમના સ્વર પરથી એ સ્પષ્ટ થયું.

રાધાએ કહ્યું :

'મારાં માતાપિતા પાસે. બરસાના. પણ હું થોડા જ વખતમાં પાછી આપીશ. મને ત્યાં તારા વિના જરા પણ નહિ ગમે.'

'તું ત્યાં ન જ જાય તો?'

'મને પણ થાય છે કે ના જઉં. જવાનો વિચાર જ મને ભારે દુઃખદ લાગે છે. તને છોડીને જવાનું મન તો કોઈક મંદભાગીને જ થાય. મારું એટલું મંદભાગ જરૂર છે પરંતુ ગયા વિના નથી ચાલે એવું. હું વહેલામાં વહેલી તકે પાછી આવી જઈશ.'

'નહિ આવે તો તને પાછી લાવવાનું કામ મારે સુપ્રિયાને સોંપવું પડશે. સુપ્રિયા તારી જવાબદારી લેતી હોય તો...'

સુપ્રિયા વચ્ચે જ બોલી :

'મારે કે કોઈએ એની જવાબદારી લેવાની જરૂર નથી. રાધા એની મેળે જ પાછી આવશે. એના હૃદયમાં પ્રકટેલો પ્રખર પ્રેમ જ એને પાછો લાવશે. એ એને આપણાથી દૂર રહેવા જ નહિ દે. રાધાને લીધે તો મારું જીવન પણ અવનવું બની ગયું છે. એના વિના મને પણ નહિ ગમે. પરંતુ એ વહેલી તકે જરુર પાછી આવશે. ને પછી ગોકુલ તથા વૃંદાવનમાં જ વાસ કરશે.'

**(ક્રમશઃ)**